# વિશ્વવિહાર

વર્ષ : 26 * અંક : 12 * સપ્ટેમ્બર 2024 * કિં. ₹ 15



સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ સ્વીકારતા શ્રી ચંદ્રકાન્ત શેઠ




સ્વપ્નસિદ્ધિ : બાળવિશ્વકોશના દસ ગ્રંથોનું લોકાર્પણ




વિશ્વકોશની ગ્રંથ-ગૌરવયાત્રામાં



શ્રી ઈન્દ્રપ્રમિત રૉયને
ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ અર્પણ કરતા મંચસ્થ મહાનુભાવો



શ્રી ઈન્દ્રપ્રમિત રૉય વિશે પરિચય
આપતા શ્રી પીયૂષ ઠક્કર



ઍવૉર્ડનો પ્રતિભાવ આપતા
શ્રી ઈન્દ્રપ્રમિત રૉય

**આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી ‘વિશ્વવિહાર’માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું ‘વિશ્વવિહાર’ દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.**

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : ‘ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ’ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

આજની વાત

# ગૌરવ અને પ્રસન્નતાની અનુભૂતિ

૧૯૯૮ની પહેલી માર્ચે ચંદ્રકાન્તભાઈ વિશ્વકોશમાં આવ્યા અને શ્રી ધીરુભાઈ અને મને મળ્યા, ત્યારે એમનો ગુરુ પ્રત્યેનો ભાવ ઊભરાતો જોવા મળ્યો. આમેય ઉમાશંકર જોશી, નગીનદાસ પારેખ, અનંતરાય રાવળ, પ્રબોધ પંડિત જેવા ગુરુઓની વાત નીકળે, ત્યારે એમનો અસીમ શિષ્યભાવ અને પ્રેમાદર જોવા મળતો હતો. એ પછી ધીરે ધીરે વિશ્વકોશની પ્રવૃત્તિ સાથે જોડાતા ગયા અને ગુજરાતી વિશ્વકોશનાં અધિકરણોનું પરામર્શન કરતા હતા.

એક કાર્યક્રમમાં શ્રી ધીરુભાઈ ઠાકરે કહ્યું હતું કે, 'ગિજુભાઈની એ કલ્પના હતી કે ગુજરાત પાસે પોતાનો બાળવિશ્વકોશ હોય અને બાળયુનિવર્સિટી હોય.' આ સાંભળી બાળવિશ્વકોશનો પ્રારંભ કરવામાં આવ્યો અને એની સઘળી જવાબદારી ચંદ્રકાન્તભાઈએ સંભાળી લીધી. એ પછી પણ બાળવિશ્વકોશના દસ ભાગોનું પ્રકાશન થયા બાદ પણ એમણે ગુજરાતી વિશ્વકોશનું પરામર્શનકાર્ય ચાલુ રાખ્યું અને એમની આંખ નીચેથી જે પસાર થાય તે પ્રમાણભૂત જ હોય. બાળવિશ્વકોશનો એકેએક શબ્દ એમણે ચીવટપૂર્વક જોયો અને સહેજે ચૂક ન રહે એનો ખ્યાલ રાખ્યો.

ધીરુભાઈ ઠાકર અંતિમ સમયે એપેક્સ હૉસ્પિટલમાં હતા, ત્યારે હું અને ચંદ્રકાન્તભાઈ એમને મળવા ગયા. ધીરુભાઈએ બે હાથ ઊંચા કર્યા અને અમારા બંને હાથ લઈને શ્રી રામનારાયણ પાઠકની એ પંક્તિ બોલ્યા. જેમાં એમણે ઉમાશંકર જોશી અને કવિ સુંદરમ્‌ને એકસાથે કાર્ય કરવા કહ્યું હતું. એ પછી ચંદ્રકાન્તભાઈને માટે વિશ્વકોશ એ એમના જીવનનો અવિભક્ત ભાગ બની રહ્યો. અમારે માટે એક કવિની હાજરી હોય એટલે સંસ્થામાં સંવેદનાનો પ્રકાશ ફેલાતો રહ્યો. વળી દેશ-વિદેશથી સર્જકો એમને મળવા આવે અને એમની ગોષ્ઠિનો લાભ પણ મળતો રહ્યો.

એકાદ વખત કોઈ શબ્દની બાબતમાં ધીરુભાઈ સાથે લાંબી ચર્ચા થઈ. ચંદ્રકાન્તભાઈ સહેજ અકળાયા. એમણે મુદ્રિકાબહેનને વાત કરી કે, 'જરા આજે મારે સાહેબ સાથે ઘણી ચર્ચા થઈ અને મને લાગે છે કે હવે હું કદાચ વિશ્વકોશ ન જાઉં.' આ સમયે મુદ્રિકાબહેને ઠપકો આપ્યો હતો અને કહ્યું હતું કે આવો વિચાર કદી ન થાય. જીવન પરત્વે એમનો જેવો સાચો ચહેરો હતો, એવો જ સાચો ચહેરો સર્જન તરફ હતો અને તે કહેતા કે સર્જકનો સાચો ચહેરો પ્રત્યક્ષ કરે તે સત્ કવિતા. ચંદ્રકાન્તભાઈ સાચપ અને સારપના માનવી. એ કહેતા કે, 'જ્યાં સત્ય જોઉં છું, ત્યાં મારો આનંદ ઊછળે છે. જીવનમાં જુઠ્ઠું કરવું નથી, પણ જો એવું કંઈ બને તો હું ખૂબ બેચેન બની જાઉં છું.'

ચંદ્રકાન્તભાઈ ચરી પાળવાનું કહે છે. ૨૦૧૨ની ૩૧મી ઑગસ્ટના 'અખંડ આનંદ'ના 'ધરતીના ધરુ, આકાશના ચરુ' શીર્ષક હેઠળના લેખમાં એમણે કહ્યું છે, 'આપણા શરીરની ચરબી કે મેદ વધે ત્યારે આપણે ડાયેટિંગ શરૂ કરીએ છીએ. આપણી

તળપદી ભાષામાં કહીએ તો ચરી પાળવાનું શરૂ કરીએ છીએ. એ સાથે જરૂર પડ્યે કોઈ અનુભવી દાક્તર કે વૈદ્યે સૂચવેલી અસરકારક કે અકસીર દવા પણ લેવા માંડીએ છીએ. તો જ્યારે આપણા મનને મદ ચડે, મોટાપાનો - મોટાઈનો મોહ - એની માયાજાળ ઘેરી વળે, ત્યારે આપણે શું કરવું ? આપણે સંકલ્પપૂર્વક, વ્રતબદ્ધ થઈને મનનો મેદ કાઢવા ગીતા-નિર્દિષ્ટ આસુરી સંપત્તિનો પરિત્યાગ કરતાં જઈ, દૈવી સંપત્તિનું વધુ ને વધુ સં-ગ્રહણ કરવાનું રહે. આપણે કોઈ સદ્‌ગુરુ કે સંતનો સમાગમ કરી સદ્‌વિચાર તેમ જ સદાચારના નુસખા પણ અજમાવવા જોઈએ.'

રોજ સાંજે ધીરુભાઈના ખંડમાં મમરા-પાર્ટી થાય. શ્રી રમેશભાઈ શાહ અને સહુ ધીરુભાઈના ખંડમાં ઉપસ્થિત રહે. રમેશભાઈ અને ચંદ્રકાન્તભાઈ વચ્ચે કમાલની મૈત્રી. એકબીજાની સતત મજાક કરે. રમેશભાઈ શાહ કોઈ વિવાદાસ્પદ મુદ્દો ઊભો કરે અને ચંદ્રકાન્તભાઈ કહે કે તમે ભલે મને જુનવાણી કહો તો જુનવાણી, પણ હું આ માનું છું. એક આગવી શિસ્ત એમનામાં હતી. પોતાની કોઈ કવિતાની ઝેરોક્ષ કરાવવાની હોય તો પણ રજા લે. ટપાલમાં આવેલો કોરો કાગળ સાચવી રાખીને એના પર લખે. લખાણમાં અલ્પવિરામની પણ ક્ષતિ રહી ન જાય, એની પણ ખાંખત રાખતા. વિશ્વકોશમાં અનેક જુદા જુદા કાર્યક્રમો થતા. સાહિત્યનો કાર્યક્રમ ન હોય તોપણ તેઓ આવે અને બધી જ ક્ષણો માણે. અમારી પરિવારસભામાં પણ એમની ઉપસ્થિતિ આનંદપ્રદ બનતી અને ઘણા કર્મચારીઓને તેઓ એમના જન્મદિવસની શુભેચ્છા સાથે ભેટ આપતા હતા.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ગૌરવ અને પ્રસન્નતાની અનુભૂતિ | ૩ | કુમારપાળ દેસાઈ |
| ગુરુવંદના | ૮ | શ્રદ્ધા ત્રિવેદી |
| વિદેશમાં વિદ્યાભ્યાસ માટે જતાં પહેલાં વિચાર કરજો | ૯ | પ્રવીણ ક. લહેરી |
| અકસ્માત - એક શિક્ષક | ૧૩ | ચિંતન ભટ્ટ |
| વિવિધ વિદ્યાધારાના ઉપાસક સારસ્વત | ૧૭ | નિસર્ગ આહીર |
| ગિફ્ટ વાઉચરની વ્યથાકથા | ૨૧ | રતિલાલ બોરીસાગર |
| કૃષિયુગલનું ઋષિકાર્ય | ૨૪ | રમેશ તન્ના |
| ઓપન એઆઈનું નવું નજરાણું - સર્ચજીપીટી | ૨૬ | હર્ષ મેસવાણિયા |
| ગાંધીપેઢીનાં નોંધપાત્ર વારસદાર : જિજ્ઞાબહેન દવે | ૨૯ | મનસુખ સલ્લા |
| શરણાર્થીઓ અને ઑલિમ્પિક | ૩૨ | નિરંજન શાહ |
| વિશ્વકોશવૃત્ત | ૩૪ | – |

આ રીતે આધુનિક સમયના ઉત્તમ કવિ અને વિવેચક એવા ચંદ્રકાન્તભાઈની સાથેનો અમારા સહુનો એટલો બધો મેળ હતો કે ક્યારેય કોઈ વિવાદ થયો નથી કે પછી કોઈને કશું માઠું લાગ્યું નથી. વિશ્વકોશનાં એમનાં કાર્યો વિશે શ્રી શ્રદ્ધા ત્રિવેદી અને પ્રીતિ શાહે લખેલી નોંધ જ એમના સ્મરણીય કાર્યની આપને ઝાંખી કરાવશે –

'તેમના જીવનનાં છેલ્લાં બાવીસ વર્ષ તેમણે વિશ્વકોશના કાર્યમાં વ્યતીત કર્યાં હતાં. વિશ્વકોશ એ તેમના જીવનનો એક અવિભક્ત ભાગ હતો, તેમનું એક બૌદ્ધિક વિશ્રામસ્થાન હતું. મુ. ધીરુભાઈ ઠાકર, શ્રી કુમારપાળ દેસાઈ તથા વિશ્વકોશના વિદ્વાનો સાથે થતી બૌદ્ધિક ચર્ચા તેમને માટે પ્રાણવાયુ સમાન હતી. કુમારપાળભાઈને સતત એમ લાગતું હતું કે જેમાં વિશ્વકોશની ભાવના અને પ્રવૃત્તિઓ પ્રતિબિંબિત થાય તેવું વિશ્વકોશનું ગીત હોવું જોઈએ. તે સમયે યોસેફ મેકવાન આવતા હતા તેમને આ વાત કરી અને એમણે ગીતની રચના તો કરી, પરંતુ હજી કશુંક ખૂટતું હોય તેમ એમને અને અમને સહુને લાગતું હતું. તેથી ચંદ્રકાન્તભાઈને વિનંતી કરી અને અમને સુંદર વિશ્વકોશ-ગાન પ્રાપ્ત થયું, જેનું સ્વરાંકન અમર ભટ્ટે કર્યું. આ ગાન અમારા પ્રત્યેક કાર્યક્રમ પહેલાં અલ્પા શાહ દ્વારા ગવાય છે. કાર્યક્રમમાં આવનારા કેટલાય શ્રોતાઓ એ ગીતની માગણી કરે છે અને તેની નકલ લઈ જાય છે. હવે તો તે વિશ્વકોશની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. કદાચ ભાગ્યે જ કોઈ ગીત આટલી બધી વખત શ્રોતાઓ સમક્ષ ગવાયું હશે.

'વિશ્વકોશ' માટે તેમણે રચેલું 'વિશ્વકોશ-ગીત' એ તેમના તરફથી વિશ્વકોશને મળેલી અમૂલ્ય ભેટ છે. એ ગીત દ્વારા કવિ ચંદ્રકાન્ત શેઠે વિશ્વકોશના હાર્દને તેનાં સત્ત્વ-તત્ત્વની સુરભિ સમગ્ર વિશ્વમાં પ્રસરે અને ગુજરાતી 'વિશ્વરૂપને વરે' તેવી જે અભિલાષા દાખવી છે. તેમાં સહુ ગુર્જરભાષી અને ગુર્જરવાસીઓના હૃદયભાવનો પડઘો પાડ્યો છે. 'વિશ્વકોશ' શું છે તે સમજવા આ ગીત પર્યાપ્ત છે. શ્રી ધીરુભાઈ ઠાકર, શ્રી કુમારપાળ દેસાઈ, અને શ્રી ચંદ્રકાન્ત શેઠના કાંચનસુરભિયોગના કારણે અને અનેક વિદ્વાનોના સહકારથી 'ગુજરાતી વિશ્વકોશ'ના ૨૫ ખંડો ગુજરાતને સાંપડ્યા છે, જે ગુજરાત માટે ગૌરવપ્રદ ઘટના ગણી શકાય. શ્રી ચંદ્રકાન્ત શેઠે આ મુખ્ય કોશની માનવવિદ્યાઓ વિભાગના સંપાદક તરીકે કાર્ય કર્યું હતું.

'મુ. ધીરુભાઈની નિશ્રામાં મુખ્ય ગુજરાતી વિશ્વકોશનું કાર્ય પૂર્ણ થવાના આરે હતું ત્યારે સંસ્થાના વિદ્વાનોએ 'ગુજરાતી બાળવિશ્વકોશ' કરવાનું નક્કી કર્યું. ઈ. સ. ૨૦૦૭થી તેનો પ્રારંભ થયો. તેમાં શ્રી ચંદ્રકાન્ત શેઠને મુખ્ય સંપાદક તરીકેની જવાબદારી સોંપી. તેમના માર્ગદર્શન નીચે અંજનાબહેન ભગવતી, શ્રદ્ધા ત્રિવેદી, શુભ્રાબહેન દેસાઈ, અમલાબહેન પરીખ અને રાજશ્રીબહેન મહાદેવિયાએ બાળવિશ્વકોશનું કાર્ય શરૂ કર્યું. પ્રારંભના છ મહિના દરમિયાન તેમાં કયા કયા વિષયો વિશે લખવું, કેવું માળખું રાખવું - તેની વિદ્વાનો સાથે ચર્ચા કરી. અંતે તેના અધિકરણલેખનનું સ્વરૂપ નક્કી કર્યું અને વર્ણાનુક્રમે એક પછી એક લખાણો તૈયાર

થયાં. મુ. સ્વ. શ્રી રજનીભાઈ વ્યાસની ચિત્રકલાનો આ બાળવિશ્વકોશને ખૂબ લાભ મળ્યો. શેઠસાહેબ તપાસે, જે તે વિષયના વિદ્વાનો ચકાસે, કુમારપાળ દેસાઈ તેનું પરામર્શન કરે - ને એમ કોશ તૈયાર થતો ગયો. તેનો પહેલો ખંડ ૨૦૦૯માં બહાર પડ્યો ને ૨૦૧૯માં બહાર પડેલા દસમા ખંડ સાથે એ પ્રકલ્પ પૂરો થયો. આ દસ વર્ષ દરમિયાન શેઠસાહેબ સાથે જે કાર્ય કર્યું, નવું જાણવા મળ્યું, ક્યારેક ઠપકા મળ્યા, ક્યારેક પ્રશંસા મળી - આ બધું આજે પણ આ વિભાગની બહેનો યાદ કરે છે. કામ કઠિન હતું પણ શેઠસાહેબની સરળતા અને સહૃદયતાને કારણે બધાં માટે એ કામ આનંદપ્રદ બની રહ્યું હતું.

'માત્ર બાળવિશ્વકોશમાં અધિકરણ લખનાર વ્યક્તિઓ જ નહીં, દરેક વિષયનિષ્ણાતો, કમ્પ્યૂટર વિભાગ, પ્રૂફરીડિંગ વિભાગ કે કાર્યાલયના સહુ સભ્યો સાથે શેઠસાહેબે સમયના તકાજા પ્રમાણે કામ કરાવ્યું અને કર્યું હતું. શું મોટો કોશ કે શું બાળવિશ્વકોશ - તેઓ તેમનું કાર્ય ઘેર લઈ જઈને પણ કરતા. કોશ અને કોશ-કાર્યાલય જાણે તેમના શ્વાસોચ્છ્વાસ બની ગયા હતા. શાસ્ત્રીયતાનો, સત્યતાનો અને પ્રમાણભૂતતાનો આગ્રહ રાખતા હોવાથી જ્યાં જરા પણ શંકા લાગે કે તેઓ બીજા ગ્રંથો કે ગ્રંથાલયોમાંથી પુસ્તકો મંગાવી ચકાસતા અને અમારી પાસે પણ સંદર્ભગ્રંથોની ચકાસણી કરાવતા. પણ આ બધાને લીધે કોશ એક અમૂલ્ય સંદર્ભગ્રંથ બની શક્યો છે. તેમની વિદ્વત્તા અને ચીવટનો લાભ આ કોશને મળ્યો છે, તેથી તેની શ્રદ્ધેયતા ખૂબ વધી ગઈ છે. આ કોશ ગુજરાતની ઊછરતી પેઢી, વિદ્યાર્થીઓ અને અભ્યાસુઓ માટે પથદર્શક બની રહ્યો છે. 'ગુજરાતી વિશ્વકોશ' અને 'ગુજરાતી બાળવિશ્વકોશ' ગુજરાત ભાષા-સાહિત્યને સમૃદ્ધ અને ગુજરાતને રળિયાત કરે તેવા મૂલ્યવાન સંદર્ભગ્રંથો બની રહ્યા છે. આ ગ્રંથો ગુજરાતની અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની મોંઘેરી મિરાત છે. ગુજરાતી ભાષા માટે આ એક બુનિયાદ કાર્ય છે. તે માટે સમગ્ર વિશ્વકોશના સહુ કર્મચારીઓ તો અભિનંદનને પાત્ર છે જ, પણ બાળવિશ્વકોશની પ્રમાણભૂતતા માટે ચંદ્રકાન્ત શેઠની નિષ્ઠા, અભ્યાસ, સંશોધનવૃત્તિને પણ યશ આપવો રહ્યો. શેઠસાહેબ માટે શબ્દની ઉપાસના અને સત્યનિષ્ઠા એ જ ધર્મ હતો, જેનું તેમણે જીવનભર પાલન કર્યું હતું. એમને જ્યારે પાછળના સમયમાં આંખની તકલીફ શરૂ થઈ, ત્યારે ક્યારેક હવે વાંચી નહીં શકાય એવો વિષાદભર્યો સૂર પ્રગટ કરતા હતા, પરંતુ અમારા આગ્રહને વશ થઈ તેમનાથી થાય ત્યાં સુધી કામ કર્યું. તેમને લાઇટની જે પ્રકારની સગવડ જોઈએ તે પ્રકારે ગોઠવણ કરી અને કોશનાં પાનાંની મોટા અક્ષરે પ્રિન્ટ કાઢી આપતા હતા. ક્યારેક મેગ્નિફાઇંગ ગ્લાસ લઈને પણ કાર્ય કરતા. આમ, 'ગુજરાતી વિશ્વકોશ'ના ખંડોનું પુનઃસંસ્કરણ થતું રહ્યું.

'૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ સ્વીકાર્યા બાદ પ્રતિભાવ આપતાં તેમણે જણાવ્યું હતું કે, ''અત્યાર સુધીના આયુષ્યકાળમાં લગભગ ત્રીસેક વર્ષનો સમય મારા અધ્યયન-અધ્યાપનમાં ગયો.

એ પછીનો લગભગ ચોવીસેક વર્ષનો ગાળો વિશેષભાવે કોશના કાર્યમાં ગયો. હું એમ માનું છું કે મારા નિવૃત્તિકાળને ઉત્તમ કરવામાં ગુજરાત વિશ્વકોશના કાર્યનો અમૂલ્ય ફાળો છે. અભૂતપૂર્વ કહી શકાય તેવી કામગીરી પૂજ્ય ધીરુભાઈસાહેબની હતી. વહીવટી કુશળતા અને વિશ્વકોશાદિ સાહિત્યની કુશળતા - બેનો અનોખો સમન્વય એમનામાં હતો. તેથી ૧૯૯૮ પછી પણ વિશ્વકોશનું કાર્ય કરતાં કરતાં મને ઘણું શીખવા મળ્યું. વળી, કુમારપાળ દેસાઈનો સથવારો પણ મને ખૂબ ઉપયોગી થયો. વિશ્વકોશ સંસ્થામાં કામ કરતાં જે મોકળાશ અને જે વિદ્યાકીય માહોલ મને મળ્યો તેની પ્રશંસા કર્યા વગર મારાથી રહી શકાય તેમ નથી. આમ તો મેં અનેક સંસ્થાઓમાં કામ કર્યું છે, પણ તેમાં મને આ સંસ્થાની તાસીર બહુ રમણીય લાગી છે. આંખોની તકલીફને લઈને મારે નાછૂટકે ધીરુભાઈના ઉત્તમ કાર્યને છોડવું પડ્યું તેનું દુઃખ છે ને છતાંય મનથી તો હું વિશ્વકોશની સાથે આજ સુધી જોડાયેલો રહ્યો છું અને તેનો શુભેચ્છક છું. વિશ્વકોશનું નિર્માણ કેવી રીતે થાય અને એમાં કેવાં કેવાં સાધનોનો ઉપયોગ કરવો પડે તેના મહત્ત્વના પાઠ મને અહીં શીખવા મળ્યા છે. એ માટે હું આ સંસ્થાનો ઋણી છું ને આજનો અવસર એ ઋણાનુબંધ વ્યક્ત કરવાનો છે.

મારે કહેવું જોઈએ કે ૧૯૯૮માં વિશ્વકોશમાં જોડાયા પછી વિશ્વકોશના બાકીના ગ્રંથો પૂરા થયા ત્યાં સુધી ધીરુભાઈ સાથે મારે ઠીક ઠીક કામ કરવાનું થયું. એમાં ઘણા અનુભવોની આપ-લે થઈ. ત્યાર બાદ ધીરુભાઈએ મને 'બાળવિશ્વકોશ'ની જવાબદારી સોંપી અને ચાર ગ્રંથ તો તેમની હયાતીમાં જ પ્રકટ થઈ શક્યા તેનો મને આનંદ છે. બાળવિશ્વકોશના કાર્યમાં જે મોકળાશ અને ટેકો કુમારપાળ દેસાઈએ આપ્યો તે મને આજેય પ્રસન્ન કરે છે. આ ઉપરાંત, આ કોશકાર્યમાં મારા સાથીમિત્રો સદ્‌ગત રજનીભાઈ વ્યાસ અને અંજનાબહેન, શુભ્રાબહેન, અમલાબહેન, શ્રદ્ધાબહેન તથા રાજશ્રીબહેનનો જે સાથસહકાર મળ્યો તેથી આ બાળવિશ્વકોશ સારી રીતે તૈયાર થઈ શક્યો અને ગુજરાત સરકારે એ કોશના પ્રકાશનને સમર્થન આપ્યું એ અમારા માટે અને વિશ્વકોશ સંસ્થા માટે ગૌરવ અને પ્રસન્નતાનો વિષય બની રહેલ છે. મારે એ પણ કહેવું જોઈએ કે આ વિશ્વકોશમાં સહુ કર્મચારીઓનો જે સાથ-સહકાર મળ્યો છે તે પણ અનન્ય છે.

વિશ્વકોશના સંદર્ભમાં અનેક તજ્જ્ઞ વિદ્વાનો, પ્રીતિબહેન શાહ, નલિનીબહેન દેસાઈ, કમ્પ્યૂટર વિભાગ, પ્રૂફવાચન વિભાગ, ઑફિસ કાર્યાલય - આ સહુના સહકારથી આ ગંજાવર કાર્ય સરળતાથી થઈ શક્યું છે.

વળી, વિશ્વકોશની પરંપરાને ધીરુભાઈ પછી કુમારપાળ દેસાઈ જે રીતે સાચવીને આગળ વધારે છે તે જોઈ મને આનંદ થાય છે. વિશ્વકોશની સાથે સાથે અન્ય વિષયના કોશની કામગીરી વધતી જાય છે તે ગૌરવની બાબત છે."

ગુજરાતી સાહિત્યના, ગુજરાતી ભાષાના આ સારસ્વતને સહુ ભાષાપ્રેમી અને ભાષારસિકો વતી વંદન કરીએ છીએ.'

**- કુમારપાળ દેસાઈ**

# ગુરુવંદના

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે ઈ. સ. ૧૯૮૦માં 'ગુજરાતી સાહિત્યકોશ' તૈયાર કરવાનું નક્કી થયું. તે સંદર્ભે કોશમાં લેખન કરવા માટે પરીક્ષા લેવામાં આવી હતી. તેમાં મને સફળતા મળતાં હું પરિષદના આ કોશકાર્યમાં જોડાઈ. તેમાં શ્રી જયંત કોઠારી અને શ્રી ચંદ્રકાન્તભાઈ શેઠ સાથે કામ કરવાનું મળ્યું. આ દરમિયાન સાથી મિત્રો દ્વારા મને પીએચ.ડી. કરવાનો આગ્રહ કરવામાં આવ્યો ત્યારે ક. લા. સ્વાધ્યાય મંદિરના નિયામક તરીકે શ્રી ચંદ્રકાન્ત શેઠ હતા. મારાં બાળકો નાનાં હોવાથી, મધ્યકાળના કોશમાં કામ કરતી હોવા છતાં, મેં 'ગુજરાતીમાં બાળવાર્તાનું સ્વરૂપ અને વિકાસ' પર સંશોધન કરવાનું નક્કી કર્યું, જેથી ઘેર બાળકોને પણ વાર્તાઓ કહી શકું.

આ સંશોધનકાર્ય શરૂ કર્યું ત્યારે જ, પ્રારંભથી જ શેઠસાહેબની ચોકસાઈ, ચીવટ અને ભાષા પ્રત્યેની સજાગતાનો પરિચય થવા માંડ્યો. માર્ગદર્શક તરીકે તેમણે સંદર્ભ પુસ્તકોની યાદી આપી અને ગૂજરાત વિદ્યાપીઠના કૉપીરાઈટ વિભાગમાં બેસી જૂના બાળસાહિત્યના - બાળવાર્તાના સંગ્રહો વાંચવાનું કહ્યું. સંદર્ભ પુસ્તકોના આધારે શરૂઆતમાં બાળવાર્તાનાં સ્વરૂપ, પ્રકારો, તેમાં ચિત્રનું સ્થાન, બાળવાર્તાની ભાષા, તેમાં આવતી પદ્યકંડિકાઓનું મહત્ત્વ, કેટલીક ઘટનાઓનું અને પંક્તિઓનું પુનરાવર્તન, લયાત્મક અને ચિત્રાત્મક ભાષા અને બાળભોગ્ય કથાનક - વગેરે અનેક બાબતો વિશે નોંધો તૈયાર કરી. જ્યારે પહેલી વાર આ બધું લખાણ સાહેબને બતાવ્યું તો કહે, 'ઠીક છે, પણ ઘણું કામ હજી કરવું પડશે.' તેમણે બીજા કેટલાક ગ્રંથોનાં, હિન્દી અને અંગ્રેજી ભાષાનાં પુસ્તકોનાં નામ આપ્યાં. ફરી એકડો ઘૂંટ્યો. તો પ્રથમ વારનું જે લખાણ ૬૦ પાનાંનું હતું તે આ પુસ્તકોના અભ્યાસ બાદ ૧૨૦ પાનાંનું થયું. આમ માર્ગદર્શક વિદ્યાર્થીને તેના વિષયના ઊંડાણમાં કેટલે સુધી લઈ જઈ શકે તે અનુભવ્યું.

તે વખતે ભારતીબહેન ઝવેરી સિવાય કોઈએ બાળવાર્તા કે બાળસાહિત્ય પર ઐતિહાસિક કે સૈદ્ધાંતિક રીતે કાર્ય કર્યું નહોતું. શેઠસાહેબના માર્ગદર્શન નીચે પછી તો ૧૮૨૬થી 'ડાડસ્લીની વાર્તાઓ'થી શરૂ થયેલાં બાળવાર્તાનાં પુસ્તકોને સમયાનુક્રમે મૂક્યાં. ક્યારેક શેઠસાહેબ પુસ્તકાલયમાં આવે ને તપાસ કરે કે વિદ્યાર્થી બરાબર યોગ્ય દિશાએ કાર્ય કરે છે કે નહીં. જરૂરી લાગે ત્યાં સૂચના પણ આપે. ક્રમશઃ વર્ષવાર પુસ્તકોનું વાંચન, તેને વિશેની નોંધ, ખાસ કરીને બાલભોગ્યતા અને ભાષા સંદર્ભે મૂલ્યાંકન વગેરેની દૃષ્ટિએ દાયકાઓના લેખો તૈયાર કર્યા. શેઠસાહેબની એક વિશેષતા એ હતી કે તે કોઈ પણ વિદ્યાર્થીનું લખાણ - લીટીએ લીટી વાંચ્યા વગર આગળ જવા

**(અનુસંધાન ૧૨મા પાને)**

# વિદેશમાં વિદ્યાભ્યાસ માટે જતાં પહેલાં વિચાર કરજો

સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે : 'ચરતિ ચરતો ભગઃ' ચાલનારાનું ભાગ્ય પણ ચાલતું રહે છે. ગુજરાતી ભાષામાં આ જ વાત તળપદા શબ્દોમાં જુદી રીતે કહી છે - 'ફરે તે ચરે, બાંધ્યો ભૂખે મરે.' પ્રવાસ એ અનુભવજન્ય શિક્ષણનું સૌથી અસરકારક માધ્યમ છે. નવા પ્રદેશો, અલગ લોકો, તેના રીતરિવાજો, ખોરાક, પહેરવેશ વગેરેની વિવિધતા જોવા અને સમજવાથી આપણા વિચારોનો વ્યાપ વધે છે. નવી નવી વસ્તુઓ શીખવાથી આપણું વ્યક્તિત્વ નીખરે છે.

ઈસ્લામ ધર્મના ફેલાવા સાથે યુરોપ અને એશિયા વચ્ચેના માર્ગવ્યવહાર અને વ્યાપાર બંધ થયા. ભારતનાં મરીમસાલા, રેશમ, કાપડ વગેરેની યુરોપમાં ભારે માંગ હતી.એક બાજુ ભારતની ખોજમાં નીકળેલો કોલંબસ આટલાન્ટિક મહાસાગર પાર કરીને હાલના વેસ્ટઈન્ડીઝ ટાપુઓ પર પહોંચ્યો ત્યારે તેના મનમાં એમ જ હતું કે એ ભારત - ઈન્ડિયામાં જ છે. તેને મૃત્યુપર્યંત આ વહેમ કાયમી રહ્યો. બીજી બાજુ ઈ. સ.૧૪૯૮માં પોર્ટુગલનો વાસ્કો ડી ગામા દક્ષિણ આફ્રિકાની ભૂશિરે પહોંચ્યો અને આગળ ક્યાં જવું તેની અવઢવમાં હતો. આ સમયે કચ્છનો ખલાસી કાનજી તેની વહારે આવ્યો. કાનજીનાં વહાણોના કાફલા પાછળ આવેલો વાસ્કો ડી ગામા કલિકટ બંદરે આવ્યો. ભારત-યુરોપ વચ્ચે લાંબા સમુદ્ર માર્ગે વ્યાપારનો પુનઃ આરંભ થયો. આ ઘટનાક્રમમાં નોંધપાત્ર બાબત એ છે કે કાનજી માલમનાં વહાણો વાસ્કો ડી ગામાનાં વહાણો કરતાં ઘણાં વિશાળ અને વૈભવી હતાં. ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં વહાણવટાનો આગવો અને ભાતીગળ ઈતિહાસ છે. અગાઉ લોકોક્તિ હતી : 'કોઈ નર જોવા ના જાવે, પણ જાવે તો પાછો ન આવે અને આવે તો પરિયાંનાં પરિયાં ખાવે.' આ હતું વિદેશયાત્રાનું જોખમ અને આકર્ષણ. શ્રીકૃષ્ણના સમયથી દ્વારકા બંદરનો ગ્રીસ સાથેનો વેપાર, ખંભાત બંદરેથી મિસર (ઈજિપ્ત) સાથેનો વેપાર, ૮૪ દેશોના વાવટા લહેરાવતું સૂરત બંદર ભારતના આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે મહત્ત્વનાં હતાં. મુઘલકાળમાં ખંભાત અને સૂરતથી હજયાત્રાઓ જતી હતી. ગુરુ નાનક તો કચ્છના લખતર બંદરેથી મક્કા ગયાનો ઈતિહાસ જાણીતો છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં વારંવાર પડતા દુષ્કાળો અને પાણીની તીવ્ર તંગી વચ્ચે દાણા-પાણી ખૂટે ત્યારે હિજરત કરી જતા પરિવારોની સંખ્યા નાની-સૂની ન હતી. આજથી ૪૦૦ વર્ષ પૂર્વે આફ્રિકાનાં બંદરોએ ગુજરાતી પ્રજા ધંધા-રોજગાર માટે સ્થાયી થઈ હતી. ૧૬૦૦ કિમી.નો સમુદ્રકાંઠો ધરાવતું ગુજરાત વહાણવટા અને વિદેશવ્યાપારક્ષેત્રે વિકસિત અને અગ્રણી હતું.

આ જ રીતે ભારતની પ્રાચીન યુનિવર્સિટીઓમાં એશિયાના અનેક દેશોમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતા હતા. આ વિદ્યાર્થીઓએ લખેલાં વર્ણનો ભારતની તે સમયની પરિસ્થિતિને સારી રીતે ઉજાગર કરે છે. કોઈ કારણોસર ૧૮મી અને

૧૯મી સદીમાં અમુક જ્ઞાતિઓએ પોતાનો ધર્મ ભ્રષ્ટ થઈ જશે તેવી ભ્રામક માન્યતા સાથે જે વ્યક્તિ દરિયાપાર મુસાફરી કરે તેને જ્ઞાતિ બહાર મૂકવાની પરંપરા શરૂ કરી. ગાંધીજી પણ આ પાબંદીનો ભોગ બન્યા હતા. કરસનદાસ મૂળજી, કવિ નર્મદ અને મહીપતરામ રૂપરામ જેવા પ્રખર સમાજસુધારકોએ 'દેશાટન'ના ફાયદા વર્ણવતા લેખો પ્રસિદ્ધ કર્યા હતા.

બ્રિટિશ શાસન દરમિયાન અનેક લોકોને એવું સમજાયું હતું કે આપણે અંગ્રેજોની ગુલામી એટલે વેઠીએ છીએ કે આપણામાં આધુનિક શિક્ષણનો અભાવ છે, અંધશ્રદ્ધા અને કુરૂઢિઓ છે. વિદેશમાં અભ્યાસ કરવાથી જ આપણે જીવનમાં પ્રગતિ કરી શકીશું. શ્રી અરવિંદ ઘોષ અને તેના બે ભાઈઓને 'અંગ્રેજ' બનાવવાના ઉદ્દેશથી તેમના પિતાએ કુમળી વયનાં બાળકોને અંગ્રેજ પાદરીના હવાલે મૂકી દીધાં હતાં. દેશનો સમૃદ્ધ વર્ગ અને મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓને વિદેશના અભ્યાસથી થતા ફાયદાઓ સમજાયા હતા. આઝાદી પહેલાં આપણા અનેક આગેવાનોએ વિદેશી ડિગ્રીઓ પ્રાપ્ત કરી હતી.

આઝાદી બાદ કાયદા, તબીબી વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, મૅનેજમેન્ટ, ઈજનેરી જેવા વિષયોમાં આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણે અભ્યાસ માટે વિદેશ જવાનો પ્રવાહ શરૂ થયો. ૧૯૫૦થી શરૂ થયેલો આ ઉપક્રમ પછીનાં વર્ષોમાં ખૂબ ઝડપથી ચાલતો રહ્યો. વિદેશમાં અભ્યાસ સાથે નોકરી કરવાની તકો, અભ્યાસ બાદ ખૂબ સારા પગારની નોકરીઓ, સારી બચત અને ઉચ્ચ પ્રકારની જીવનશૈલીના કારણે અનેક ભારતીયો અભ્યાસ બાદ વિદેશોમાં જ સ્થાયી થવા લાગ્યા. દેશમાંથી ડૉક્ટર અને ઈજનેરોના વિદેશમાં સ્થિર થવા સામે બ્રેઈન ડ્રેઈન (પ્રતિભાનું પલાયન) થવું તે મુદ્દે રાષ્ટ્રીય ચર્ચા શરૂ થઈ. ૧૯૬૦-૭૦માં વિદેશ અભ્યાસ માટે જવામાં સરકારે અનેક નિયમનો-પ્રતિબંધો મૂક્યા, પણ એકંદરે તે નિરર્થક સાબિત થયા. ૧૯૭૦ બાદ વિદેશી નાણું ભારતમાં આવતાં બિનનિવાસી ભારતીયનું મહત્ત્વ સમજાતાં સરકારે વિદેશમાં અભ્યાસ અને કારકિર્દીને પ્રોત્સાહન આપવાનો અભિગમ અપનાવ્યો. બૅન્કોએ પણ વિદેશમાં અભ્યાસ માટે લોન આપવાનું સરળ કર્યું.

ઈ. સ. ૧૯૮૦ બાદ તો 'ચાલો વિદેશ, કરો ફતેહ'નું સૂત્ર વ્યાપક બન્યું. પરદેશમાં ભણો, નોકરી-ધંધો કરો, ત્યાંના નાગરિક બનો, પાઉન્ડ, યુરો અને ડૉલર કમાઓ અને સગાંસંબંધીને વિદેશમાં નાગરિક બનાવી પરિવારમાં પ્રગતિ માટે સઘળું કરો તેવો આનંદદાયક માહોલ હતો. અનેક મધ્યમવર્ગના પરિવારો માટે વિદેશમાં અભ્યાસ ઉચ્ચ જીવનશૈલીનું પ્રથમ સોપાન બન્યો. પંજાબ, ગુજરાત, આંધ્રપ્રદેશ, તમિળનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં વિદેશ અભ્યાસ માટે મદદ કરતાં કન્સલ્ટન્ટો મોટી સંખ્યામાં પ્રવૃત્ત થયા. સામે પક્ષે વિદેશી યુનિવર્સિટીઓ માટે તો વિદેશી વિદ્યાર્થીઓનો પ્રવેશ અનેક રીતે ફાયદામંદ સાબિત થયો. સંબંધિત શહેરોના અર્થતંત્રમાં પણ વિદેશી વિદ્યાર્થીઓ દ્વારા થતો ખર્ચ સ્થાનિક લોકોની આવક વધારવામાં નિમિત્ત બન્યો. વિદેશી યુનિવર્સિટીઓએ તો સ્પર્ધા કરીને ભારતમાં શૈક્ષણિક કારકિર્દીલક્ષી પ્રદર્શનો યોજી, વર્તમાનપત્રોના સહયોગમાં રીતસર ભરતીમેળાઓ ગોઠવ્યા. આવું જ કામ અન્ય

દેશોમાં થયું. પરિણામસ્વરૂપ, આજે નીચેના ૧૦ દેશોના સૌથી વધારે વિદ્યાર્થીઓ દર વર્ષે વિદેશ ભણવા જાય છે :

(૧) ભારતમાંથી ૧૩ લાખ (૨) ચીનમાંથી ૧૧.૭૦ લાખ (૩) દક્ષિણ કોરિયા ૧.૧૦ લાખ (૪) સાઉદી અરેબિયા ૭૦ હજાર (૫) જર્મની ૬૦ હજાર (૬) ફ્રાન્સ ૫૦ હજાર (૭) ઈરાન ૪૦ હજાર (૮) બ્રાઝિલ ૩૦ હજાર (૯) રશિયા ૨૫ હજાર (૧૦) કૅનેડા ૨૦ હજાર. ભારતીયો ડૉક્ટર થવાની લાલચમાં રશિયા અને તેના અગાઉના ફેડરેશનના દેશો જ નહીં, પણ બાંગ્લાદેશ કે યુરોપના નાના નાના દેશોમાં પણ જાય છે. ઇન્ડિયન મેડિકલ કમિશન આમાંના ઘણાને માન્યતા આપતું નથી, તેથી આવી ડિગ્રી હાંસલ કરનારની હાલત કફોડી થાય છે. આવા અમાન્ય ડૉક્ટરોને નોકરી તો નથી મળતી, પણ એ ગેરકાયદેસર પ્રૅક્ટિસ કરતા રહે છે.

ભારતીયોની વિદેશ અભ્યાસ માટેની પસંદગીમાં અમેરિકા અને કૅનેડા અગ્રસ્થાને છે. એક અંદાજ પ્રમાણે અમેરિકામાં ૧૧ લાખ ૮૦ હજાર, કૅનેડામાં ૧૦ લાખ પાંચ હજાર વિદ્યાર્થીઓ ભણ્યા છે. ત્યારબાદ ઇંગ્લૅન્ડમાં ૭.૮૭ લાખ, ઑસ્ટ્રેલિયામાં ૭.૮૭ લાખ, ફ્રાન્સમાં ૪ લાખ, સ્પેનમાં ૨.૦૮ લાખ, નેધરલૅન્ડમાં ૧.૨૨ લાખ અને આર્જેન્ટિનામાં ૧.૧૮ લાખ વિદ્યાર્થીઓ ભણવા ગયા છે. તેમાંના અનેક વિદ્યાર્થીઓએ ત્યાં નોકરી મેળવી, નાગરિકતા પ્રાપ્ત કરી કાયમ માટે ભારત છોડ્યું છે. આપણા વિદ્યાર્થીઓના વિદેશ અભ્યાસ પાછળ ભારત દર વર્ષે ૬૦ અબજ અમેરિકી ડૉલર ખર્ચે છે. ભારત પછી ચીન પણ આ માટે વર્ષે ૪૦ અબજ ડૉલર ખર્ચે છે. એક સર્વેક્ષણ મુજબ વિદેશમાં ભણતો વિદ્યાર્થી જે ખર્ચ કરે તેમાંથી ૪૦ ટકા રકમ ટ્યૂશન ફી તરીકે, ૨૪ ટકા ખર્ચ આવાસ માટે, ૧૫ ટકા ખર્ચ ભોજન અર્થે, ૩ ટકા વાહનવ્યવહાર માટે અને ૧૮ ટકા ખર્ચ વીમો, શૉપિંગ, લૅપટૉપ, મોબાઈલ ફોન વગેરે માટે કરે છે. વિદેશમાં સ્થાયી થનાર ભારતીય મૂળના લોકો ત્યાંના અર્થતંત્ર, કંપનીઓ, રાજકારણ, ટૅક્નૉલૉજી સહિત અનેક ક્ષેત્રોમાં છવાઈ ગયા છે. આવી ઝળહળતી સફળતા બાદ શા માટે વિદેશ ભણવા ઇચ્છતા વિદ્યાર્થીઓને 'સાવચેત રહેવા'ની સલાહ આપવી? આ માટેનું કારણ એ છે કે આજે દેશની અને વિદેશની સ્થિતિમાં ગુણાત્મક અને દૂરોગામી અસરવાળા ફેરફારો આવ્યા છે.

વિદેશ અભ્યાસાર્થે જતાં પહેલાં નીચેની બાબતો અંગે ગંભીર વિચાર કરવો યોગ્ય છે :

(૧) હવે વિદેશનો અભ્યાસ ખૂબ ખર્ચાળ બન્યો છે. રૂ. એક કરોડથી ત્રણ કરોડ ખર્ચીને સામાન્ય ડિગ્રી મેળવવાથી નોંધપાત્ર લાભ થવાની શક્યતા નહિવત્ છે. (૨) વિદેશમાં ભણતાં ભણતાં કામ મળવું કે ભણ્યા બાદ તરત જ નોકરી મળવાની શક્યતા ખૂબ જ ઘટી ગઈ છે. ત્યાંના અભ્યાસ બાદ સારા પગારની નોકરી ન મળે તો કરેલો ખર્ચ પરિવાર પર ખૂબ મોટો બોજો બની જાય છે. (૩) હવે વિદેશોમાં સરકાર કાયમી વસવાટ કે નાગરિકતા આપવામાં ઉદાર નથી, પણ તે અંગેનાં નિયમનો વધારે કડક બનવાનાં છે તે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. (૪) વિદેશમાં વિદ્યાર્થી માટે ૨૫થી ૫૦ ટકા ખર્ચ ત્યાંની મોંઘવારીના કારણે વધી ગયો છે. સારા આવાસની તંગી છે.

(૫) કૅનેડા-અમેરિકામાં ખાલિસ્તાની જૂથો અને અન્ય સ્થાનિક યુવામંડળો વિદેશી વિદ્યાર્થીઓનો વિરોધ કરી તેને હાનિ પહોંચાડી રહ્યાં છે. (૬) વીમો અને વિમાનીભાડું વધવાની સાથે રૂપિયાના અવમૂલ્યનના કારણે પણ અભ્યાસ-ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. (૭) અનેક વિદેશી યુનિવર્સિટીમાં ગુણવત્તાનો અભાવ છે તેમજ અભ્યાસ બાદ પ્લેસમેન્ટનો અવકાશ ઘટ્યો છે. (૮) ઉચ્ચ અભ્યાસ બાદ ભારતમાં પરત આવે, તોપણ રોજગારી પ્રાપ્ત થવામાં અનિશ્ચિતતા છે. (૯) આવા સંજોગોમાં દેવું કરીને પરિવાર વિદ્યાર્થીને વિદેશ મોકલે તો તેમાં ખૂબ મોટું જોખમ રહેલું છે. (૧૦) ભારતમાં ખાનગી અને જાહેર યુનિવર્સિટીઓની સંખ્યા વધી છે, તેટલું જ નહીં પણ આ વિશ્વવિદ્યાલયોમાં અનેક નવા કોર્સિસ શરૂ થતાં હવે જૂજ એવા અભ્યાસક્રમો માટે વિદેશ જવાની જરૂર છે. દેશની અનેક યુનિવર્સિટીઓમાં વિદેશી પ્રાધ્યાપકો સેવા આપે છે. (૧૧) ઑનલાઇન એજ્યુકેશન પ્રમાણમાં સસ્તું અને ઉપયોગી સાબિત થયું છે.

વિદેશમાં ભણતા વિદ્યાર્થીઓમાંથી ઘણા નાણાકીય ભીડને કારણે મૂંઝવણમાં છે. માતાપિતા દેવું કરવામાં અસમર્થ થતાં હોય ત્યારે પારાવાર હાલાકી ભોગવવી પડે છે. વિદેશમાં અભ્યાસ કરવામાં આજે જોખમ વધ્યું છે અને લાભો ખૂબ ઝડપથી મર્યાદિત થતા જાય છે, ત્યારે ઉતાવળમાં, લાભ-નુકસાનની ગણતરી કર્યા વિના, વિકલ્પો તપાસ્યા વિના માત્ર ગાડરિયા પ્રવાહમાં જોડાઈને વિદેશ અભ્યાસાર્થે જવું તે દુ:સાહસ સાબિત થઈ શકે.

શિક્ષણ વ્યક્તિના વિકાસમાં મહત્ત્વનું છે, પણ તે મેળવવામાં પોતાની અને પરિવારની આર્થિક બરબાદી ન થાય તે બાબત સદાય ધ્યાનમાં રાખવી અનિવાર્ય છે.

**- પ્રવીણ ક. લહેરી**

---

**(આઠમા પાનાનું ચાલુ)**

દેતા નહીં. એકનું એક લખાણ ત્રણ વાર પણ લખાવ્યું છે. વળી પાછળથી સંદર્ભ મળ્યો હોય તો તે પણ ઉમેરાવે. લખાણમાં જોડણી કે અયોગ્ય વાક્યરચના લાગે તો લાલ ટપકાં કરે ને વિદ્યાર્થીને સામે રાખી તે સુધરાવે ને શા માટે આ જોડણી ન ચાલે કે આ વાક્યરચના ખોટી છે તે સમજાવે. ગૂજરાત વિદ્યાપીઠના કોઈ પણ વિદ્યાર્થીનું એક ફકરાનું લખાણ હોય કે અમારા જેવા પીએચ.ડી.ના વિદ્યાર્થીનો સંશોધનગ્રંથ હોય - તેમની સૂક્ષ્મ નજર નીચેથી પસાર થાય, થાય ને થાય જ. જ્યાં સુધી તેમને સંતોષ ન થાય ત્યાં સુધી, તે ફરી લખાવે. માહિતીમાં શંકા લાગે તો જાતે જ મૂળ પુસ્તકમાં પણ જુએ, ચકાસે ને પછી જ સ્વીકારે. શબ્દની ઉપાસના કોને કહેવાય તે મને મારા ગુરુ-માર્ગદર્શક શેઠસાહેબની કાર્યપદ્ધતિ અને એકાગ્રતાથી વાંચનની તેમની સ્વભાવગત ટેવથી સમજાયું છે. ભલે તેઓ ધર્મના બાહ્ય આચારમાં માનતા નહોતા, પણ સરસ્વતીની, સાહિત્યની, શબ્દની ઉપાસના તેમણે સંપૂર્ણ દિલથી કરી હતી. આવા માર્ગદર્શકના હાથ નીચે મને સંશોધનકાર્ય કરવાની તક મળી તેને હું મારું સદ્ભાગ્ય સમજું છું.

**- શ્રદ્ધા ત્રિવેદી**

# અકસ્માત - એક શિક્ષક

આપણા દેશના પૂર્વરાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનની સ્મૃતિમાં ૫મી સપ્ટેમ્બર ‘શિક્ષકદિવસ’ તરીકે આપણે ઊજવીએ છીએ. આપણા વ્યક્તિત્વ-વિકાસમાં જેમનો સિંહફાળો છે તે શિક્ષકોને યાદ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. જ્યારે નવી ટૅક્નૉલૉજી વિકાસોન્મુખ હોય ત્યારે થતા અકસ્માતો અને નિષ્ફળતાઓ પણ ઉત્તમ શિક્ષકની ગરજ સારે છે. આપણે જાણીએ છીએ કે વીજળીથી પ્રકાશ ફેલાવતા તારદીપ્ત (filament) વીજળીના ગોળાની શોધ થોમસ આલ્વા એડિસને કરી. સફળતા મળે તે પહેલાં ફિલામેન્ટ તરીકે તેમણે ઘણી સામગ્રી અજમાવી જોઈ. દરેક નિષ્ફળતાએ તેમને એક શીખ આપી. જ્યારે સમાનવ અંતરિક્ષયાત્રાની વાત આવે ત્યારે અભિયાનની આંશિક નિષ્ફળતા પણ જાનલેવા અકસ્માત સર્જે છે. દરેક અકસ્માત પછી અંતરિક્ષ ટૅક્નૉલૉજી વધુ ભરોસાપાત્ર બની છે.

અત્યાર સુધીમાં લગભગ ચારસો સમાનવ અંતરિક્ષ અભિયાનો થયાં છે. તેમાં ૧૫૦૦થી વધુ પ્રવાસીઓ અંતરિક્ષમાં ગયા છે. તેમાંથી ઘણાંએ તો એકથી વધુ વખત મુસાફરી કરી છે. આમ અંતરિક્ષયાત્રીઓની સંખ્યા લગભગ ૬૦૦ની થવા જાય છે. અંતરિક્ષયાત્રા અત્યંત જોખમી મુસાફરી હોય છે. અંતરિક્ષમાં બે મુખ્ય કારણોને લીધે અકસ્માતો થાય છે : એક કારણ માનવીય ભૂલ અને બીજું કારણ યાનની પ્રણાલીમાં ખામી. અંતરિક્ષ અભિયાનની લગભગ તમામ ક્રિયાઓ સ્વયંસંચાલિત હોય છે. તેમાં કોઈ પણ માનવીય હસ્તક્ષેપ હોતો નથી. આથી માનવીય ભૂલોને કારણે અકસ્માતની સંભાવના પ્રમાણમાં ઓછી હોય છે. યાનના કોઈ પણ ઘટકની નિષ્ફળતાને લીધે અંતરિક્ષમાં મોટા ભાગના અકસ્માતો થાય છે. હવે સ્પેસ શટલ ચૅલેન્જરને ૧૯૮૬માં થયેલા અંતરિક્ષ અકસ્માત પર નજર નાખીએ. આ નમૂનારૂપ કિસ્સો દર્શાવે છે કે અંતરિક્ષ ટૅક્નૉલૉજીને પુખ્ત બનાવવામાં અકસ્માતે એક શિક્ષકની ગરજ સારી.

સ્પેસ શટલ ચૅલેન્જરનું પચીસમું ઉડ્ડયન ૨૮ જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ હતું. તેમાં સાત અંતરિક્ષયાત્રીઓ હતા. શટલના સમગ્ર કાફલાએ ઘણાં સફળ અભિયાનો હાથ ધર્યાં હતાં અને યાનની વિશ્વસનીયતા પણ સારી રીતે પ્રસ્થાપિત થઈ ગઈ હતી. મિશન કંટ્રોલ રૂમમાં રહેલા વૈજ્ઞાનિકો અને પ્રક્ષેપણમથક પર આવેલા મુલાકાતીઓ આતુરતાથી ઉડાનની પ્રગતિ પ્રત્યક્ષ નિહાળી રહ્યા હતા. ચૅલેન્જરે જાજરમાન ઉડાન ભરી. હંમેશની જેમ બધું જ સમુંસૂતરું હતું. દરેક વ્યક્તિએ ઉડ્ડયન જોવાનો આનંદ માણ્યો અને તાળીઓના ગડગડાટથી અભિયાનની ટીમને બિરદાવી. પણ, ઉડાનની થોડીક સેકન્ડોમાં જ જમણું ઘન બૂસ્ટર કાળો ધુમાડો ઓકવા લાગ્યું. ૭૩ સેકન્ડમાં તો ભયાનક વિસ્ફોટ થયો અને આખેઆખું યાન અગનગોળામાં ફેરવાઈ ગયું. નિષ્ફળ પ્રક્ષેપણ યાનમાંથી



ઉડ્ડયન માટે તૈયાર ચૅલેન્જર

અંતરિક્ષયાત્રીઓને બચાવવા માટે બચાવ પ્રણાલીની જોગવાઈ ન હતી માટે જ્યારે યાનમાં વિસ્ફોટ થયો ત્યારે અંતરિક્ષયાત્રીઓને સુરક્ષિત આશ્રયસ્થાન પર બહાર કાઢી શકાયા નહીં. પરિણામે યાનના સાતેસાત અંતરિક્ષયાત્રીઓએ અમૂલ્ય જીવ ગુમાવ્યા. આ દુર્ઘટનાનાં અગાઉનાં વર્ષોમાં શટલને અભૂતપૂર્વ સફળતા મળી હતી અને તે વિશ્વસનીય અંતરિક્ષ પરિવહન પ્રણાલી તરીકે સારી રીતે સ્થાપિત થઈ ગયું હતું ત્યારે જ આ બન્યું. આ દુર્ઘટના પહેલાંનાં વર્ષોમાં શટલને ૯ વખત અંતરિક્ષમાં મોકલવામાં આવ્યું હતું.

દુર્ઘટનાનું કારણ શોધવા માટે નિષ્ણાતોની ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી હતી. આ અભિયાન મૂળ ૨૨મી જાન્યુઆરીએ હાથ ધરવાનું હતું. ત્યારબાદ વિવિધ કારણોસર ૬ દિવસ માટે તેને મુલતવી રાખવામાં આવ્યું હતું. આ તારીખો દરમિયાન પ્રક્ષેપણમથક વિસ્તાર ફ્લોરિડા-અમેરિકામાં શિયાળો તેની ટોચ પર હોય છે. વાતાવરણનું તાપમાન શૂન્ય ડિ.સે.થી નીચે હોય છે. તે દિવસે ત્યાં રાત્રિનું તાપમાન -૦૮ ડિ.સે. અને સવારે -૦૩ ડિ.સે. હતું. જો વાતાવરણનું તાપમાન -૦૧ ડિ.સે.થી વધુ હોય તો જ પ્રક્ષેપણની મંજૂરી આપવામાં આવે છે. આ તાપમાન આપણા રેફ્રિજરેટરના ફ્રીઝર બૉક્સના તાપમાન જેટલું જ છે. જોકે શટલના ટ્વીન સોલિડ બૂસ્ટરનું આટલા ઓછા તાપમાનમાં પહેલાં પરીક્ષણ કરવામાં આવ્યું ન હતું. તેથી જ્યાં સુધી તાપમાન સુરક્ષિત સ્તરે ન વધે ત્યાં સુધી પ્રક્ષેપણ સ્થગિત કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું.

ઘરમાં વપરાતા પ્રેશરકૂકરની કામગીરી વિશે આપણે જાણીએ છીએ. વાસણને ચુસ્ત રીતે બંધ કરેલી સ્થિતિમાં ગરમ કરવામાં આવે છે. વાસણની અંદરનું પાણી ઊકળવા લાગે છે અને બાષ્પીભવનથી વરાળ ઉત્પન્ન થાય છે. તેને લીધે વાસણની અંદર દબાણ વધે છે. ઉચ્ચ દબાણ હેઠળ પાણીનું ઉત્કલનબિંદુ ઊંચે જાય છે. તેનાથી રાંધવામાં આવતા ખોરાકમાં મોટી માત્રામાં ગરમી જાય છે. તે ઓછા સમયમાં ખોરાકને રાંધવામાં મદદ કરે છે જેનાથી ઊર્જાનો વપરાશ ઓછો થાય છે. કૂકરમાંથી વરાળ બહાર નીકળતી અટકાવવા માટે - ઢાંકણ અને વાસણ વચ્ચેની જગ્યાને ચુસ્ત બંધ કરવા માટે રબર ગાસ્કેટનો ઉપયોગ કરવામાં આવે છે. લાંબા સમય સુધી ઉપયોગ કર્યા પછી, આ ગાસ્કેટ



**અકસ્માતે અગનગોળામાં ફેરવાયેલું ચૅલેન્જર**

બગડી જાય છે અને ગળતર શરૂ થાય છે. ગળતર અટકાવવા માટે ગાસ્કેટને નિયમિતપણે બદલાવવાની એક સામાન્ય પ્રથા છે.

સ્પેસ શટલના ઘન ઈંધણવાળા બૂસ્ટરમાં બરાબર આ જ રીતે રબર રિંગ્સનો ઉપયોગ થાય છે. ઘન ઈંધણવાળી મોટરોના બે ભાગના જોડાણ પર તેને મૂકવામાં આવે છે. સાંધાઓ દ્વારા વાયુઓના ગળતરને રોકવાની તેની ભૂમિકા હોય છે. મોટર્સની અંદર દબાણનું સ્તર આપણા પ્રેશરકૂકર કરતાં ૫૦ ગણું વધુ હોય છે. આજુબાજુના ઠંડા હવામાનમાં લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાને કારણે આમાંની કેટલીક રિંગ્સ તેમના કુદરતી ગુણધર્મો ગુમાવી દે છે. આથી બૂસ્ટર પ્રજ્વલન વખતે તેઓ દબાણનો સામનો કરી ન શકી. તેને કારણે ગરમ વાયુનું ગળતર થયું અને વિનાશક વિસ્ફોટ થયો.

ચૅલેન્જર ફ્લાઇટની તસવીરો અને વીડિયો આ રબર રિંગ્સની નિષ્ફળતા દર્શાવવા માટે પૂરતાં ન હતાં. ઉડ્ડયનની શરૂઆતની ૬૦ સેકન્ડમાં જ બૂસ્ટર્સના દબાણમાં અસંગત ઘટાડો જોવા મળ્યો હતો. નિષ્ફળતાનું સંપૂર્ણ વિશ્લેષણ કરવા માટે વિસ્ફોટના કાટમાળને સાવચેતીપૂર્વક એકત્રિત કરવામાં આવ્યો હતો. ૫૦૦ કરોડથી વધુના ખર્ચે લગભગ ૧૧૧ ટન જેટલા યાનના લગભગ ૩૫ % ભાગોને એકત્ર કરવામાં આવ્યા હતા. ચૅલેન્જર દુર્ઘટનાની નિષ્ફળતા, તેનું પૃથક્કરણ અને અભ્યાસ એ માનવઈતિહાસમાં અકસ્માતના મૂળ કારણને ઓળખવા માટે હાથ ધરવામાં આવેલા જંગી પ્રયાસો અને પરીક્ષણોના સંદર્ભમાં એક વિશિષ્ટ કાર્ય છે. આ અકસ્માતે કોઈ પણ નવી ટૅક્નૉલૉજીની વિકાસયાત્રા દરમિયાન જરૂરી સાવચેતી અંગે શીખ આપી જે આ મુજબ છે :

ઉડ્ડયન વખતે અને તેની પહેલાં વાતાવરણની પરિસ્થિતિ એક અગત્યનું પરિમાણ છે. યાનને ઉડ્ડયનના થોડા કલાકો પહેલાં જ અંતરિક્ષમથક પર લઈ જવામાં આવે છે. તે પહેલાં યાન નિયંત્રિત વાતાવરણમાં હોય છે. વધુ વખત યાનને પ્રક્ષેપણમથક પર

રાખવું તે તેની સામાન્ય પ્રક્રિયાનું વિચલન છે. આ સમય દરમિયાન વાતાવરણીય તાપમાન પણ -૦૧ ડિ.સે.થી નીચે ગયું હતું જેની ઉપેક્ષા કરવામાં આવી હતી. અગાઉની સફળતાએ ટીમને આત્મસંતોષી બનાવી દીધી હતી માટે આ વિચલન અંગે ચૂપકીદી સેવવામાં આવી. અલબત્ત, કેટલાક ઇજનેરોએ એ અંગે ભય પણ વ્યક્ત કર્યો હતો પણ તેને ગણકારવામાં આવ્યો ન હતો. આ વિચલન અને ચેતવણી 'નિયમન કક્ષ' સુધી પહોંચાડવામાં જ ન આવી. પરિણામે ઉડ્ડયન માટે મંજૂરી આપી દેવામાં આવી. આ પરથી બોધ મળ્યો કે નાનકડા વિચલનને સામાન્ય ન માનવું જોઈએ. વધુ પડતો આત્મસંતોષ પ્રક્રિયાની પારદર્શિતા માટે અડચણરૂપ ન બનવો જોઈએ. જો આ વિચલનની જાણ વધુ લોકોને થઈ હોત તો 'સામૂહિક ડહાપણ'ને કારણે ઉડ્ડયનને મંજૂરી ન મળી હોત. જ્યારે સલામતીની વાત આવે છે ત્યારે નાનામાં નાની વ્યક્તિએ વ્યક્ત કરેલી ચેતવણીની ઉપેક્ષા ન કરવી જોઈએ. ટીમનો કોઈ પણ સભ્ય સહેલાઈથી પોતાનું મંતવ્ય આપી શકે તેવા ખુલ્લા વાતાવરણનું નિર્માણ થવું જોઈએ. હા, ઉડ્ડયનના શરૂઆતના તબક્કામાં જ દુર્ઘટના સર્જાય તો યાત્રીઓને સુરક્ષિત રીતે યાનમાંથી દૂર કરી પૃથ્વી પર સલામત પાછા લાવી શકાય તેવી વ્યવસ્થા પણ ત્યારપછીના સમાનવ અંતરિક્ષ અભિયાનોમાં ગોઠવવામાં આવી. ગગનયાન સંદર્ભે ઇસરો દ્વારા વિકસિત આ ટૅક્નૉલૉજીનું સફળ પરીક્ષણ થઈ ગયું છે.

શિક્ષક તો શિક્ષણ આપે છે, પણ થોડા સમયમાં તે ભુલાઈ પણ જાય છે. ઉપરોક્ત શિક્ષણ તો મળ્યું પણ થોડાં વર્ષોમાં તેની ઉપેક્ષા પણ થઈ અને અંતરિક્ષ અકસ્માતો પણ થયા. હા, જ્યારે અંતરિક્ષ અકસ્માતની વાત નીકળી જ છે ત્યારે સુનિતા વિલિયમ્સ યાદ આવે છે. છેલ્લા સમાચાર મુજબ તેઓ ફેબ્રુઆરી, ૨૦૨૫માં પૃથ્વી પર પાછાં ફરી શકશે. ત્યાં સુધી આંતરરાષ્ટ્રીય અંતરિક્ષમથકની મહેમાનગતિ માણશે. અંતરિક્ષમથક પર પહેલેથી જ સ્થિત અંતરિક્ષયાત્રીઓના કાર્યમાં તેઓ મદદ પણ કરે છે. બધાંને પૂરાં પડે તેટલાં 'હવા, પાણી અને ખોરાક'ની વ્યવસ્થા તો ત્યાં છે જ. હા, કેટલીક શારીરિક અને માનસિક તકલીફો પડે, પણ આ બંને અતિથિઓ તો ખૂબ અનુભવી છે માટે તેમને માટે તો આ સામાન્ય બાબત છે. તેમનો પૃથ્વીવાસીઓ સાથે સંપર્ક પણ છે. અલબત્ત, બીજા અંતરિક્ષયાત્રીઓ તેમને કહેતા હશે કે 'અતિથિ તુમ કબ જાઓગે?'

**- ચિંતન ભટ્ટ**

---

## વિશ્વા

**◈ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪, ગુરુવાર : સાંજના ૫-૩૦**


વિષય : જીવનમાં હાસ્ય વક્તા : ડૉ. અલ્પા શાહ

## આસ્વાદ

**◈ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૪, રવિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'મોજની ખોજ - લોક-સાહિત્ય અને ચારણી સાહિત્યની અજાણી વાતો' વિશે જાણીતા સંશોધક અને સંપાદક શ્રી કૃણાલ વ્હોરા વક્તવ્ય આપશે.

# વિવિધ વિદ્યાધારાના ઉપાસક સારસ્વત



**શ્રી લાભશંકર પુરોહિત**

શ્રી લાભશંકર પુરોહિત સાથે 'સ્વર્ગસ્થ' શબ્દ બંધબેસતો નથી લાગતો. બહુવિધ આયામોથી તેમણે ગુજરાતીતાને રળિયાત કરી હોઈ, એ રમ્ય કર્મચેતના સર્વત્ર વ્યાપ્ત છે જાણે. આજીવન સંપ્રજ્ઞતાથી જીવનને અખિલાઈમાં જોયું અને અધ્યયનથી બધું અલંકૃત કર્યું. એમણે પંચેન્દ્રિયને ખુલ્લી રાખી, હૃદયને વિશુદ્ધ રાખ્યું અને ચિત્તને વ્યાપક રાખ્યું. પરિણામે આસપાસનું જગત બહુવિધ માર્ગથી એમનામાં સંચરિત થયું, હૃદયમાં રસિત થયું અને ચિત્તમાં બહુઆયામી થઈ વિસ્તર્યું. પરિણામે વાણી દ્વારા કે લેખન દ્વારા જે કંઈ અભિવ્યક્ત થયું તે અપ્રતિમ બની રહ્યું. પ્રતિભા અને પ્રયત્નથી ભાવવિશ્વ શુદ્ધ અને ગહન બન્યું. પરિણામે ભાષિક વ્યવહારમાં અખિલાઈ આકારિત થઈ રહી. એ રીતે, શ્રી લાભશંકર પુરોહિત ૯૨ વર્ષની વયે આ પૃથ્વી છોડીને જતા રહ્યા હોવા છતાં આસપાસમાં, ગુજરાતીતામાં સંચરતા-વિલસતા હોય એમ લાગ્યા કરે છે.

શ્રી લાભશંકર પુરોહિત એટલે જીવનને એની સમગ્રતામાં માણનાર-જાણનાર શ્રદ્ધેય સાક્ષર. વાતચીત કરે એમાં અનેક સંદર્ભો એવા આવે જે ન પુસ્તકોમાં પ્રાપ્ત થાય, ન તો શાસ્ત્રોમાં મળે. વક્તા તરીકે મંચ પરથી વક્તવ્ય આપે ત્યારે મૌલિક વિચાર સાથેની ચારુતામાં વાક્કલા ખીલી ઊઠે. એમની નિસબત, વિષય પરત્વેની માવજત, ગહન અભ્યાસ અને તત્ત્વપૂતઃ રજૂઆત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરે. સમુચિત આરોહ-અવરોહ, વચ્ચે આવી જતા તળપદા પણ બળકટ શબ્દો, પૂરી શ્રદ્ધા સાથે થતું નૂતન સ્થાપન સાંભળનારને ડોલાવી દે. ભાષિક અધ્યાસો અને સંદર્ભો નિરાળા જ હોય. સાહિત્ય, પુરાણો, લોકપરંપરા, શાસ્ત્રો, સાંપ્રદાયિક ધારાઓ – એ સર્વને સાથે સાંકળી-સંયોજી વક્તવ્ય આપે ત્યારે શ્રોતાઓ વૈચારિક નવનીત પામ્યાનો અનુભવ કરે. એવું જ લેખનમાં. સાવ નવા વિષયો પર કામ કર્યું. મધ્યકાલીન સાહિત્ય, લોકપરંપરા, સાંપ્રત ગીતકવિતા, પાઠસંપાદન વિશેનું એમનું લેખન ગુજરાતી સાહિત્યજગતનો નિરાળો શબ્દવૈભવ છે. એમની શબ્દપસંદગી, પદાન્વય, વાક્યપ્રયોગ ખાસ્સાં અરૂઢ. શાસ્ત્રીય ગદ્ય કેવું હોય એની પ્રતીતિ સતત કરાવતા રહે. ઝીણું જુએ પણ સંદર્ભોથી સમૃદ્ધ કરી જે તે વિભાવનાને પુષ્ટ કરે. લેખક થવાની,

વિવેચક થવાની કોઈ ખેવના નહિ. લખવામાં થોડા પ્રમાદી એટલે એમના તરફથી બહુ ગ્રંથો પ્રાપ્ત થયા નથી, પરંતુ જે કંઈ પ્રકાશિત થયું છે તે અપૂર્વ છે, અર્થગંભીર છે. વાણીરૂપ અને લેખનરૂપ શ્રી લાભશંકર પુરોહિત ઘણાંના ચિત્તમાં ચેતનામય વિચરે છે, એટલે જ તેઓ વિદેહ થયા એમ માની શકાતું નથી...

શ્રી લાભશંકર પુરોહિત પંડિતયુગના સાક્ષરોની પંગતમાં શોભે એવા વિદ્યાપુરુષ. એક તરફ શાસ્ત્રીયતાનું શિખર તો બીજી બાજુ જાણે લોકચેતનાની સતત વહેતી સરવાણી ! એમનામાં વિદ્વાનોને પ્રભાવિત કરે તેવી બૌદ્ધિકતા, તેમ મુગ્ધ ગ્રામજનસહજ સકંપ સંવેદનશીલતાનો સુભગ સમન્વય હતો. વિવેચન-સંશોધનના અભ્યાસલેખો ગુજરાતી ગદ્યની પોતીકી મુદ્રા ધરે તેમ કોઈક સભામાં મંડાતી વાત શ્રુતિમધુ વાક્‌વૈભવ બની વિલસે. પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યના શ્રદ્ધેય જ્ઞાતા, લોકસંપદાના સંવેદનપટુ સંશોધક, સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ વિવેચનાના અગ્રણી વિવેચક, સાંપ્રદાયિક પરંપરાઓના શાસ્ત્રીય સમાલોચક, ઉત્તમ વક્તા, લોકસંગીત અને લોકઢાળની વિવિધાને શુદ્ધતમ રૂપે પ્રસ્તુત કરનાર, ગુજરાતી ભાષાના શિષ્ટ ગદ્યના નિરાળા ગદ્યકાર, ભારતીય સંસ્કૃતિ અને દર્શનના મૌલિક વિચારક તરીકેની એમની પ્રતિભા છે. એ અર્થમાં બહુમુખી પ્રતિભાશાળી વ્યક્તિત્વ. ઈયત્તાની દૃષ્ટિએ ઓછું પણ ગુણવત્તાની દૃષ્ટિએ માતબર પ્રદાન કર્યું છે.

તેમનું બાળપણ નાનકડા ગામ દેવડામાં વીત્યું. સ્વતંત્રતા પૂર્વેનું એ ગામ અને એ મલકની લોકસંસ્કૃતિને તેમણે આકંઠ પીધી છે. બાળપણથી જ તેજસ્વી હોવાથી એક પ્રકારની અવલોકન અને અન્વેષણની શક્તિ વિકસી હતી. બૌદ્ધિકતા અને સંવેદનશીલતા એ બે ગુણોને કારણે એમણે તત્કાલીન સામાજિક-સાંસ્કૃતિક ગતિવિધિઓને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં, વિશિષ્ટ દૃષ્ટિકોણથી સંવેદી છે. જિવાતા જીવનના આકલન અને વિદ્યાભ્યાસને કારણે એમણે લોક અને વાઙ્‌મયને સમાંતરે શબ્દબદ્ધ કર્યું છે. સંવેદનશીલ હોવાને કારણે તેઓ સૂક્ષ્મતાથી જુએ અને શાસ્ત્રીય અભિગમને કારણે સઘળું વ્યાપક રીતે મૂલવી આપે.

એમણે સંસ્કૃત સાહિત્ય, ઈતિહાસ, તત્ત્વજ્ઞાનનું પરિશીલન કર્યું. વાચન માહિતી કે જ્ઞાન સુધી સીમિત ન રહેતાં એ બધું જ પ્રજ્ઞા રૂપે પરિણમ્યું. તેઓ શુષ્ક પંડિત ન બની રહેતાં રસિક ભાવક બની રહ્યા. એક અર્થમાં તેઓ સમગ્ર સાંસ્કૃતિક સંપદાના સૌંદર્યનિષ્ઠ આનંદયાત્રી હતા. તેઓ જ્યારે લખે કે બોલે ત્યારે વિવેક અને વિદ્વત્તાને કારણે તેમની અભિવ્યક્તિ વિશદ, ગહન, મૌલિક, રસાળ, જીવંત, ચિત્તસ્પર્શી અને સત્યનિષ્ઠ બની રહે. તેઓ બીજાને પ્રભાવિત કરવા નહિ, નિજની અનિવાર્ય અભિવ્યક્તિ અર્થે કશુંક કથે. એટલા માટે એમનો શબ્દ પ્રતીતિજનક અને મર્મગામી બની રહેતો. શબ્દ એની તમામ ઊર્જા સાથે લિપિબદ્ધ થાય કે ધ્વનિત થાય. એમનાં લેખન કે ઉદ્‌બોધન વ્યાપક સમાદર પામતાં હોય એનું કારણ આ જ છે. અધ્યાપકીય કારકિર્દીને કારણે અને ઉત્તમ ગ્રંથોના સેવનને કારણે એક પ્રકારની આલોચનાત્મક, સમીક્ષાત્મક સજ્જતા કેળવાતી ગઈ. એમાં જે તે વિષય પરત્વેની વ્યાપકતા, ગહનતા,

સર્વગ્રાહીપણું, મૌલિક અર્થઘટનો, સંદર્ભસમૃદ્ધ ગવેષણા હોય છે. સામાન્ય ભાવક કે વિવેચક જે ન પકડી શકે કે જોઈ શકે એવા કોઈક વિશિષ્ટ વિષયને તેઓ લક્ષિત કરે છે અને પછી વિસ્તૃત, સ્વયંપર્યાપ્ત અને સંતર્પક વિવેચના કરે છે. ગીતની રસકીય કોટિઓ, લયનાં અર્થવલયો, મધ્યકાલીન સર્જનપરક લાક્ષણિકતાઓ, પરંપરિત સાહિત્યની વિશિષ્ટતાઓ, પાઠસંપાદનની ખામીઓ, અર્થઘટનની સંકુલતાઓ, કંઠોપકંઠ સાહિત્યની વિલક્ષણતાઓ ઇત્યાદિ વિશેની એમની વિવેચના ગુજરાતી સાહિત્યમાં સાવ નોખી તરી આવે છે. વિવેચનાની તેમની સ્વકીય, સ્વતઃસિદ્ધ રીતિ છે.

લોકસાહિત્ય અને લોકપરંપરા એમને મન હૃદયધબકાર જેટલાં જ નિકટ અને સહજસાધ્ય. ધોળ, રાસ, પદ, આખ્યાન, ઢાઢીલીલા, સરજુગાનથી એમના સંસ્કારો ઘડાયા છે. લોકોની જીવનરીતિ, પરિવેશ, રીતરિવાજ, દૈનંદીય પ્રવૃત્તિનાં સાધકબાધક પરિમાણોથી એમની લોકચેતનાની સમજ સ્પષ્ટ બની છે. એ રીતે લોકસંગીત, લોકકલા, કસબ-કારીગીરી વિશેનાં એમનાં આગવાં અર્થઘટનો છે અને વિશિષ્ટ તારણો છે. લોકજીવનનો પ્રત્યક્ષ અને વ્યાપક અનુભવ તમામ વિધાઓને વિરાટ સંદર્ભ સાથે જોડી આપે છે.

લોકસાહિત્યના મર્મજ્ઞ સંશોધક હતા તેઓ. એમ કહી શકાય કે આજીવન લોકવિદ્યાના શ્રદ્ધેય ઉપાસક રહ્યા. લોકગીતોની રચનાપ્રયુક્તિ, ધોળની ગાનપરક સમૃદ્ધિ, લોકઢાળોની વિવિધા અને વ્યાપ, લોકકથાઓનાં સૌંદર્યમૂલક અંગો, લોકવાર્તાની કથનકલાનું બહુઆયામીપણું ઇત્યાદિ વિશેનું વિવેચન સમગ્ર લોકસાહિત્યક્ષેત્રે પાયાનું, નૂતન અને પથદર્શી પ્રદાન છે. ‘વાક્-પરંપરા : લિખિત અને મૌખિક’, ‘મૌખિક પરંપરામાં ઉક્તિનું ગદ્યઘટન’, લોકસાહિત્યમાં ‘દાદા’ શબ્દ સંદર્ભે વ્યાપેલી ગેરસમજ જેવા લેખો લોકસાહિત્યને વિશિષ્ટ રીતે મૂલવવાની એમની સજ્જતાના દ્યોતક છે. આવું લેખન પરંપરિત નથી, વૈશ્વિક સ્તરે પોંખાય એવું વિલક્ષણ છે. આ લેખો અંગ્રેજીમાં લખાયા હોત તો સર્વત્ર નોંધ લેવાઈ હોત.

શ્રી લાભશંકર પુરોહિતનું વ્યક્તિત્વ પ્રભાવક અને પ્રશંસનીય. વ્યવહારમાં સાદગી, ઋજુતા, સહજતા, પણ વિદ્યાકીય ઉપાસનામાં પૂર્ણતાના આગ્રહી. બધું ઝીણું જુએ તેમ વ્યાપકતામાં જુએ. એમની પ્રજ્ઞા એવી તો પરિષ્કૃત કે શબ્દ, ભાવ, સંદર્ભ એના અનેક અધ્યાસો સાથે આવે. લેખનમાં તેમ વક્તવ્યમાં, સંદર્ભસંપૃક્ત અનેકવિધ અર્થચ્છાયાઓ આવ્યા જ કરે. આજીવન વિદ્યાવ્યાસંગી રહ્યા એના પરિણામસ્વરૂપ છે આ બધું એમ કહેવું પૂરતું નથી. વસ્તુતઃ સાહિત્ય અને જીવનને અખિલાઈમાં સંવેદી, મૂલવી, પ્રમાણીને સંવિત્તિના ઉદ્ગાર રૂપે પ્રગટ કરે ત્યારે નિતાંત ચમત્કૃતિ અવતરે... ભાવક માટે તો નર્યો વિસ્મયલોક જ જાણે !

લેખકની જેમ જ વક્તા તરીકે પણ ઉત્તમ. ઉચ્ચારશુદ્ધિ, ગુજરાતી-અંગ્રેજી-સંસ્કૃત ભાષા પરનું પ્રભુત્વ, વાક્કલાની સ્વકીય મુદ્રા, ઘેરો ને પ્રભાવશાળી અવાજ, વચ્ચે વચ્ચે અનિવાર્ય હોય ત્યારે સહજ જ આવી જતું ગાન એ બધું ભાવકોનાં ચિત્તને

રસતરબોળ કરી દે. તાત્ત્વિક, સંદિગ્ધ વિષયને પણ કઈ રીતે સરળ કરી શકાય એ કલા એમની પાસેથી શીખવા જેવી છે.

તેઓ સ્વભાવે ધાર્મિક પણ ક્રિયાકાંડચુસ્ત નહોતા. ધર્મ અને સંપ્રદાયની એમની સમજ આપણે માનીએ એના કરતાં અનેકગણી સૂક્ષ્મ, વ્યાપક અને ઉદાત્ત હતી. વૈષ્ણવ હોવા છતાં પ્રણામી સંપ્રદાય, કબીર સંપ્રદાય, સ્વામિનારાયણ સંપ્રદાય વિશેનો એમનો અભ્યાસ અને આસ્થા જુદા પ્રકારનાં. હવેલી સંગીત, અષ્ટાછાપ કવિઓ, સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ, સંતવાણીના સર્જકો વિશેનું એમનું જ્ઞાન સમૃદ્ધ અને ગહન.

સંશોધનનિષ્ઠા અને વિદ્યાપ્રીતિને કારણે જ પૂ. મોરારિબાપુ, પૂ. માધવપ્રિયદાસજી સ્વામી, ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, પૂ. વિજયશીલચંદ્ર મ.સા., શ્રી સંતરામજી મહારાજ, શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી જેવા સંતો અને મહાપુરુષોના તેઓ પ્રિય રહ્યા છે. એ જ રીતે વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો અને સાહિત્યકારોના પણ પ્રિય રહ્યા છે. સકારાત્મક ઊર્જા, શબ્દનિષ્ઠ જીવન અને સાત્ત્વિક ભાવનાને કારણે સર્વનો પ્રેમ સંપાદિત કરી શક્યા.

ગુણાનુરાગી, સત્યપ્રિય, નિર્ભીક, સંવેદનશીલ, કલાપ્રિય સારસ્વત શ્રી લાભશંકર પુરોહિત આપણા ખૂબ મૂલ્યવાન ધન સમાન હતા. સાચા અર્થમાં, એમના જવાથી ખોટ પડી છે. મધ્યકાલીન સાહિત્ય, લોકપરંપરા અને સાંસ્કૃતિક અનુબંધ વિશેનું એમનું અસીમ જ્ઞાન એમની સાથે જ વિરમી ગયું એનું દુઃખ છે. એના જેવા અધિકારી વક્તા અને લેખક ગુજરાતીએ ગુમાવવા જેવા નહોતા ! તોપણ, એમના બહોળા ચાહક વર્ગમાં તેઓ શ્વસે છે, જીવે છે. એટલે જ શ્રી લાભશંકર પુરોહિતને 'સ્વર્ગસ્થ' કહેવા ગમતા નથી, એ તો છે હૃદયસ્થ !

**– નિસર્ગ આહીર**

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન ચાલે છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

સપ્ટેમ્બર મહિનામાં ૧ સપ્ટેમ્બરે 'રૂબી', ૧૫ સપ્ટેમ્બરે 'બીરબલે દરિયો પીધો' અને ૨૯ સપ્ટેમ્બરે 'સાચ્ચી મા' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૮ સપ્ટેમ્બરે 'ઊણાં કોઈને કદી ન આંકો' અને ૨૨ સપ્ટેમ્બરે 'જૂઠું બોલે જે કદી પાછળથી પસ્તાય' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

# ગિફ્ટ વાઉચરની વ્યથાકથા

કેટલાક સમય પહેલાં એક મિત્રને એમની સાહિત્યિક પ્રવૃત્તિમાં મેં થોડી મદદ કરેલી. મેં કરેલી મદદ તો ઘણી સામાન્ય હતી, પણ મિત્રે એના બદલામાં મને અમદાવાદની એક બહુ જાણીતી પુસ્તકોની દુકાનનું ગિફ્ટ વાઉચર ભેટ આપ્યું. હું ઇચ્છું ત્યારે સાડાત્રણસો રૂપિયાની કિંમતનાં પુસ્તકો આ ગિફ્ટ વાઉચર દ્વારા એ દુકાનમાંથી મેળવી શકું એવી મિત્રની ભાવના હતી. પુસ્તકો હું ક્યારેક ખરીદું છું; તેમ છતાં, મને પુસ્તકો ભેટમાં મળે છે ત્યારે વિશેષ આનંદ થાય છે. મિત્રે ગિફ્ટ વાઉચર આપ્યું એટલે 'આવી કશી જરૂર નથી. મેં કંઈ એવી મોટી મદદ કરી નથી.' વગેરે વગેરે કહેવાનો વિવેક મેં કર્યો. આ વિવેક મેં હૃદયપૂર્વક કર્યો હતો, તેમ છતાં મિત્ર પોતાની વાતમાં મક્કમ રહે અને મને ગિફ્ટ વાઉચર આપે જ એવો ભાવ પણ ના પાડતી વખતે સમાન્તરે હૃદયમાં ચાલતો હતો એટલે ગિફ્ટ વાઉચર લેવાની ના પાડવામાં હું જોઈએ એવું બળ પ્રગટ કરી શક્યો નહોતો. મિત્ર પોતાની વાતમાં મક્કમ રહે ને મને ગિફ્ટ વાઉચર આપે જ એવા મારા હૃદયભાવને પ્રભુએ પણ અનુમોદન આપ્યું. પરિણામે મિત્ર ગિફ્ટ વાઉચર આપીને જ રહ્યા. ગિફ્ટ વાઉચર દ્વારા મારે એક-બે પુસ્તકો જ પસંદ કરવાનાં થવાનાં એની મને ખબર હતી, પણ પુસ્તકોના વિશાળ ભંડારમાંથી એક-બે પુસ્તકો પસંદ કરવાનું સહેલુંય નહોતું - મારે માટે તો નહોતું જ, એની પણ મને ખબર હતી. એટલે થોડો નિરાંતનો સમય હશે ત્યારે પુસ્તકો લેવા જઈશ એમ વિચારી ગિફ્ટ વાઉચર ક્યાંક સાચવીને મૂક્યું. કોઈ અગત્યનો કાગળ કે ચીજવસ્તુ સાચવીને એવી રીતે મૂકવી કે જોઈએ ત્યારે ફટ દઈને જડી જાય. આવી સલાહ મને પુસ્તકો દ્વારા, ઘરના સભ્યો દ્વારા, મિત્રો દ્વારા અનેક વાર આપવામાં આવી છે. આ સલાહનું પાલન કરવાનો મેં યથાશક્તિમતિ પ્રયત્ન કર્યો છે. સાચવીને મૂકેલી ચીજવસ્તુઓ જડી પણ આવે છે, પણ જ્યારે જરૂર પડે છે ત્યારે લગભગ નથી જડતી. જોકે અમુક વસ્તુની જરૂર પડે છે ત્યારે અગાઉ નહિ જડેલી કોઈ ચીજ જરૂર મળી આવે છે; જેમ કે, બસના ટાઇમટેબલની ચોપડી શોધતી વખતે બૅન્કની પાસબુક મળી આવે એવું બને છે.

ગિફ્ટ વાઉચર મળ્યા પછી, બે-ચાર વાર પુસ્તકો લેવા જવાનો નિરાંતનો સમય મળ્યો, પણ એ વખતે ગિફ્ટ વાઉચર ન મળ્યું - નિરાંતનો પૂરો સમય ગિફ્ટ વાઉચર શોધવામાં ગાળવા છતાં ન મળ્યું. પણ એક દિવસ એકાએક ગિફ્ટ વાઉચર મળી આવ્યું. ઇન્ડિયાની શોધમાં નીકળેલા કોલંબસને અમેરિકા મળી આવ્યું હતું તેમ. એક દિવસ હું ગુંદરની શીશી શોધતો હતો ત્યારે ગિફ્ટ વાઉચર મળી આવ્યું. (અનધિકૃત રીતે અમેરિકામાં ઘૂસી જવાની પ્રથા કોલંબસ જેટલી જૂની છે.) ગિફ્ટ વાઉચર મળી આવ્યું તે દિવસે મારે અનેક કામો હતાં, પણ આજે જો ગિફ્ટ વાઉચર પાછું મૂકી દઈશ તો

જોઈએ ત્યારે નહિ જડે એટલે 'સર્વ ધર્માન્ પરિત્યજ્ય' ગિફ્ટ વાઉચર વટાવવા જવાનો મેં નિર્ણય કર્યો. ગિફ્ટ વાઉચર એ જ વખતે મેં પૅન્ટના ખિસ્સામાં મૂકી દીધું.

પરવારી કરી હું ગિફ્ટ વાઉચર વટાવવા નીકળ્યો. પુસ્તકોની આ દુકાન જાહેર રસ્તા પર આવેલા એક શૉપિંગ સેન્ટરના ભોંયરામાં છે. આ બુક શૉપ વિશે મેં સાંભળ્યું હતું, પણ ભોંયરામાં રહેલો પુસ્તકોનો આ ખજાનો આ પૂર્વે મેં જોયો નહોતો. મારી આ પહેલી મુલાકાત હતી. બાળવાર્તાઓમાં આવા ભોંયરામાં રહેલા ધનના ખજાનાની અનેક વાતો મેં વાંચી હતી. એ વખતે કલ્પનાવિહાર કરી આવો ખજાનો મેળવવા અનેક વાર હું આવા ભોંયરામાં પહોંચી ગયો હતો. પણ આજે પુસ્તકોના ખજાનાવાળા ભોંયરામાં સદેહે પહોંચી જવાનો અનોખો રોમાંચ હું અનુભવી રહ્યો હતો.

સ્કૂટર પાર્ક કરી, હું પુસ્તકોના ખજાનાવાળા ભોંયરામાં ઊતર્યો. પુસ્તકોનો ખજાનો જોઈ હું છક થઈ ગયો. પુસ્તકો ! પુસ્તકો ! બસ પુસ્તકો ! અનેકાનેક ઉત્તમ પુસ્તકોમાંથી કયાં એક-બે પુસ્તકો લેવાં તે પ્રશ્ને હું ઠીકઠીક મૂંઝાઈ ગયો. થોડાંક પુસ્તકો ગમ્યાં પણ એની કિંમત ઘણી વધારે હતી. મને ખૂબ ગમી ગયેલું એક પુસ્તક તો હજાર રૂપિયાની કિંમતનું હતું. સાડાત્રણસોની ઉપરના પૈસા આપું તો એ પુસ્તક પણ ખરીદી શકું એવી જોગવાઈ હતી, પરંતુ એમ કરવા જતાં પુસ્તક મફતમાં મેળવવાનો અનુપમ આનંદ ગુમાવવો પડે, જે માટે હું તૈયાર નહોતો. સાહિત્યમાંથી બ્રહ્માનંદ જેવો આનંદ મળે છે એવું કહેવાય છે, પણ મફતમાં મળતા સાહિત્યમાંથી તો કદાચ બ્રહ્માનંદથી પણ અધિક આનંદ મળે છે ! આખરે સાડાત્રણસો રૂપિયાનાં ત્રણ પુસ્તકો મેં પસંદ કર્યાં.

પુસ્તકો લઈ હું ભોંયરાની બહાર આવ્યો, પણ સ્કૂટર જ્યાં પાર્ક કર્યું હતું અથવા તો જ્યાં પાર્ક કર્યું હશે એમ હું માનતો હતો ત્યાં સ્કૂટર નહોતું ! સ્કૂટર છેલ્લી લાઇનમાં મૂક્યું હતું એવું મને ચોક્કસ યાદ હતું, કારણ કે આગળની ત્રણે લાઇનમાં ક્યાંય સ્કૂટર મૂકવાની જગ્યા નહોતી. પણ એકાએક મારા મનમાં શંકા થઈ. હું સ્કૂટર લાવ્યો તો હોઈશ ને ! સ્કૂટરની ચાવી મારી પાસે હતી એટલે આમ તો આવી શંકા કરવાનું કારણ નહોતું, પણ અગાઉ એવું બન્યું હતું કે સ્કૂટરની ચાવી લઈને નીચે ઊતર્યો હોઉં ને પછી રિક્ષા અથવા/અને બસમાં બહાર ગયો હોઉં ! પણ હું પુસ્તકોની દુકાને આવ્યો હતો ત્યારે એક યુવાને મને આપેલી સલાહ યાદ આવી. એણે કહ્યું હતું, 'કાકા, આમ બળદગાડીની ઝડપે સ્કૂટર ચલાવવું હોય તો રસ્તાને છેડે ચલાવો.' પણ આમ આજે જ કહેવાયું હતું કે ગયા અઠવાડિયે ? - એવી પણ શંકા થઈ, પણ પછી રસ્તામાંથી રવિવારનું છાપું લીધું હતું તે યાદ આવ્યું. તે દિવસે સોમવાર હતો એટલે રવિવારનું છાપું તો તે જ દિવસે લીધું હોય - અને તો હું સ્કૂટર પર જ આવ્યો હોઉં એવું સિદ્ધ થાય. હું સ્કૂટર પર આવ્યો હતો તે નિર્ણય તો થયો, પણ સ્કૂટર ક્યાં ? 'ઉર્વશી ક્યાં ?' એવો પ્રશ્ન પુરુરવાને થયો હતો, 'સીતા ક્યાં ? એવો પ્રશ્ન શ્રીરામને થયો હતો. એમ 'સ્કૂટર ક્યાં ?' એવો પ્રશ્ન મને થયો. સ્કૂટરવિરહથી વ્યાકુળ થયેલો હું શૉપિંગ સેન્ટરના વૉચમૅન પાસે ગયો ને મારું સ્કૂટર ન હોવાનું નમ્ર નિવેદન કર્યું.

'ચોથી લાઇનમાં મૂક્યું હતું ?' વૉચમૅને પૂછ્યું,

'હા' મેં કહ્યું, 'ત્યાં જ જગ્યા હતી.'

'તો કદાચ ટ્રાફિકવાળાઓ ટો કરી ગયા હશે.'

'શૉપિંગ સેન્ટર પાસે મૂક્યું હતું તોય ?'

'હા, પહેલી ત્રણ લાઇનમાંથી કોઈ લાઇનમાં સ્કૂટર પાર્ક કર્યું હોય તો જ કાયદેસર ગણાય છે.' મેં આમતેમ જોયું. ન તો આવી સૂચના શૉપિંગ સેન્ટરવાળાએ ક્યાંય મૂકી હતી કે ન તો ટ્રાફિકવાળાએ. વૉચમૅન બંધુ પણ સહદેવની જેમ મેં પૂછ્યું ત્યારે જ બતાવી રહ્યા હતા ! આમ પણ આપણે ત્યાં ગુનો ન બને તે માટે શું કરવું તે અંગે ભાગ્યે જ વિચારાતું હોય છે; ગુનો બને પછી શું કરવું એ જ આપણે માટે મુખ્ય બાબત હોય છે.

*

રિક્ષા કરીને અપહૃત સ્કૂટરની શોધમાં નીકળ્યો. નહેરુબ્રિજ પાસે આવાં બંદીવાન સ્કૂટરો રાખવામાં આવે છે તેવી માહિતીને આધારે પહેલાં ત્યાં જવું એમ વિચારી રિક્ષાને ડાબી બાજુ લેવડાવી. તો નહેરુબ્રિજને બદલે નવરંગપુરા ક્રૉસિંગ આવ્યું. મેં કહ્યું, 'મારી ભૂલ થઈ. મારે નહેરુબ્રિજ જવાનું છે.'

'એમાં માફી માગવાની જરૂર નથી. આપણે અહીં સુધી તમારે ખર્ચે જ આવ્યા છીએ અને પાછા પણ તમારા ખર્ચે જ જઈશું.' રિક્ષાવાળાએ કહ્યું.

અમે નહેરુબ્રિજ આવ્યા. અનાથની જેમ મારું સ્કૂટર ત્યાં ઊભું હતું. સો રૂપિયાનો દંડ ભર્યો. મેં કરેલા ગુના બદલ કઈ-કઈ કલમો લાગુ પાડવામાં આવી હતી એ મને સમજાવવામાં આવ્યું. સાડાત્રણસોની ભેટકૂપનમાંથી૧૩૦ રૂપિયા (૧૦૦ રૂપિયા દંડના + ૩૦ રૂપિયા રિક્ષાના) કપાઈ ગયા.

ખોટી રીતે પાર્ક કરેલા સ્કૂટરને ઉપાડી જવાના ટ્રાફિક પોલીસના ઉત્સાહની હું કદર કરું છું, પરંતુ લોકો સાચી રીતે પાર્ક કરી શકે એવી વ્યવસ્થા પણ ઊભી થવી જોઈએ એવી વિનંતી કરતો પત્ર આર.ટી.ઓ.ને લખવાનો મેં વિચાર કર્યો. પણ પછી પત્ર લખવાનું રહી ગયું એટલે સાડાત્રણસોમાંથી વધુ પાંચ રૂપિયા કપાતા રહી ગયા !

**- રતિલાલ બોરીસાગર**

---

## ડૉ. શિલીન શુક્લનું સ્વપ્ન સાકાર થશે

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ૧ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ ડૉ. શિલીન નં. શુક્લએ તૈયાર કરેલા તબીબી વિજ્ઞાન પરિભાષાકોશનું વિમોચન યોજવામાં આવ્યું છે. શ્રી શિલીન શુક્લએ અસ્વસ્થ તબિયતે પણ આ પરિભાષાકોશનું કાર્ય કર્યું અને થોડુંક જ કાર્ય બાકી હતું ત્યારે એમણે આપણી વચ્ચેથી વિદાય લીધી. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને ડૉ. પંકજ શાહનું માર્ગદર્શન અને ડૉ. ઉર્વીશ વસાવડાનો સહયોગ સાંપડ્યો અને તેને પરિણામે આજે અમે વિવિધ કોશોની શ્રેણીમાં એક મહત્ત્વાકાંક્ષી કોશ ડૉ. શિલીન શુક્લના જન્મદિવસે ગુજરાતી પ્રજાને ચરણે ધરી રહ્યા છીએ.

અભિવાદન

# કૃષિયુગલનું ઋષિકાર્ય

હીરજીભાઈ ભીંગરાડિયા અને ગોદાવરીબહેન ભીંગરાડિયા ગુજરાતનું એક એવું કૃષિયુગલ છે જેણે મા ધરતીની પરમ વંદના કરી છે તો સાથે સાથે કૃષિક્ષેત્રમાં ખૂબ સુંદર કામ કર્યું છે. લોકભારતી સણોસરાના સંસ્કારોને ધરતીમાં વાવીને તેને નવપલ્લવિત કર્યા છે.

૨૦ સપ્ટેમ્બર, ૧૯૪૫ના રોજ જન્મેલા હીરજીભાઈએ પ્રારંભિક અભ્યાસ ચોસલા અને માલપરામાં કર્યો. દુલેરાય પ્રભુદાસ માટલિયા કે જેઓ માટલિયાભાઈના ટૂંકા નામે ઓળખાતા હતા તે તેમને ગુરુ તરીકે મળ્યા. પાયો મજબૂત નખાય તો ઈમારતને વાંધો ન આવે. દુલેરાય માટલિયા શિક્ષણ દ્વારા ગ્રામોત્થાન કરતા હતા. તેઓ નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળીના શિષ્ય હતા. નાનકડા હીરજીને તો ત્યારે ખબર પણ નહીં હોય કે ભવિષ્યમાં તે પોતે નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળી પાસે ઘડાવા જવાના હતા.

ચાર ધોરણ સુધી હીરજીભાઈએ ચોસલામાં અને પછી મૅટ્રિક સુધી માલપરામાં અભ્યાસ કર્યો. ૧૯૬૨થી તેઓ લોકભારતી-સણોસરામાં વિદ્યાર્થી તરીકે જોડાયા. સ્નાતક થયા તે દરમિયાન ૧૯૬૨થી ૧૯૬૬ સુધીનો તેમનો જીવનકાળ અત્યંત મહત્ત્વનો બની રહ્યો. અહીં તેમને જીવનનું પ્રયોજન અને આયોજન મળ્યું. કૃષિની તાલીમ ઉપરાંત જીવન કઈ રીતે અને શા માટે જીવવું તે પણ મળી ગયું. એ પછી તો ખેતી જ કરવાની હતી. તેમણે એવી ખેતી કરી કે કોઈ કહી ના શકે કે 'ખેતી કરી'. લોકભારતીમાંથી ભણ્યા પછી ત્રણેક મહિના તેમણે આલિયાબાડા(જામનગર જિલ્લો)માં ગંગાજળા વિદ્યાપીઠમાં ડોલરભાઈ માંકડના હાથ નીચે અને હૃદય સાથે ત્રણ મહિના સઘન તાલીમ લીધી. તાલીમ તો વધારે લેવાની હતી, પરંતુ ઘરેથી પિતાએ બૂમ પાડીને કહ્યું કે, 'બેટા, ખેતી જ કરવી છે તો હવે સમય ના બગાડશો. જલદી ગામ પાછા આવી જાઓ, કારણ કે અહીં ખેતી રઝળે છે. માણસો મળતા નથી.' તેઓ પાછા આવી ગયા.

તે દિ'ની ઘડી અને આજનો દા'ડો. લગભગ ૬૦ વર્ષથી તેઓ ઉત્તમ રીતે અને સાચી પ્રીતે, સમજણથી, નિસબતથી, જાણે કે મંદિરમાં જઈને ભગવાનની પૂજા કરતા હોય તેવા ભાવ સાથે, પર્યાવરણનું સતત ધ્યાન રાખીને, સૃષ્ટિની વંદના કરતાં કરતાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. તેઓ આદર્શ અને ઉત્તમ ખેડૂત છે. તેમણે ખેતીના અનેક પ્રયોગો કર્યા છે.

એક ચોક્કસ પ્રકારની કોઠાસૂઝ તેમનામાં છે. નિષ્ઠા તો છે જ. પ્રકૃતિનું નુકસાન કરીને નહીં, પણ તેનું જતન અને સંવર્ધન કરીને જ ખેતી કરવી એવો તેમનો સંકલ્પ છે. એ સંકલ્પ છ-છ દાયકાથી આજે પણ સચવાયો છે.

તેમની બૃહદ કુટુંબની ૧૦૦ વીઘા જમીન એક શેઢે છે. શરૂઆતમાં તો એવું બનતું

હતું કે એક બાજુ કાળુભાર નદી બે કાંઠે છલકાતી હોય અને બીજી બાજુ જમીન પાણી વગર તરફડતી હોય. તેમણે ઉત્તમ રસ્તા શોધી કાઢ્યા. મશીન મૂકીને નદીનું પાણી ખેતરમાં લાવ્યા. જમીનની તરસ છીપી. પાણીનો ઉપયોગ તેમણે ખેતી માટે સુચારુ રીતે કર્યો. પોતે જે ભણ્યા હતા તે અમલમાં મૂક્યું. ખેતીનું ઉત્પાદન ત્રણગણું વધ્યું.



**હીરજીભાઈ અને ગોદાવરીબહેન ભીંગરાડિયા**

તેમણે અત્યાર સુધી ખેતીના જે પ્રયોગો કર્યા છે તે વ્યાપક અને અસરકારક છે. લોકભારતી સણોસરામાં ઈસ્માઈલદાદા પાસે બાગાયત વિભાગમાં જે ભણ્યા હતા તેનો પણ તેમણે ઉપયોગ કર્યો. ભણેલો અને તાલીમબદ્ધ ખેડૂત કેટલું સુંદર કામ કરી શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ તેમણે પૂરું પાડ્યું.

૧૯૮૫-૮૬-૮૭ માં આખા સૌરાષ્ટ્રમાં દુષ્કાળ હતો ત્યારે ટપકપદ્ધતિનો ઉપયોગ કરીને તેમણે ખેતીને બચાવી રાખી. હીરજીભાઈ પર્યાવરણપ્રેમી અને પ્રયોગવીર ખેડૂત છે. તેમણે જુદા જુદા પાકના અને જુદાં જુદાં ફળનાં ઝાડના પણ ઘણા પ્રયોગો કર્યા છે, જેમાં તેઓ મોટાભાગે સફળ થયા છે. તેઓ જે શીખ્યા છે કે શીખે છે તે બીજાને નિઃસ્વાર્થભાવે શિખવાડે છે. તેઓ ગમતાનો ગુલાલ કરે છે વર્ષોથી. તેમનામાંથી પ્રેરણા લઈને હજારો ખેડૂતોએ સુંદર રીતે ખેતી કરી છે.

તેઓ વર્ષોથી ‘ફૂલછાબ’ દૈનિકમાં લખતા રહ્યા છે. રેડિયો પર વાર્તાલાપો આપે છે. ટેલિવિઝન ઉપર પણ તેઓ ખેતીની વાતો કરતા રહે છે. અત્યાર સુધી તેમનાં ૫૦થી વધુ પુસ્તકો પ્રકાશિત થયાં છે. નવ પુસ્તકો પ્રકાશિત થવાની તૈયારીમાં છે. આઠ સામયિકોમાં દર મહિને તેઓ નિયમિત રીતે લેખો લખે છે. વિદેશમાં પણ ગયા છે અને ત્યાંથી કૃષિને, તેના પ્રયોગોને, તેની સારી બાબતોને શીખી-સમજીને અહીં તેનો અમલ પણ કર્યો છે.

સૌથી નોંધપાત્ર વાત એ છે કે તેમણે માત્ર ગુજરાતના નહીં, પણ ભારતના હજારો ખેડૂતોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે તાલીમ આપી છે. અત્યાર સુધીમાં તેમને લગભગ ૩૬ જેટલા ઍવૉર્ડ મળ્યા છે જેમાં સ્થાનિકથી શરૂ કરીને આંતરરાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ છે. ૧૯૯૨માં લોકભારતી સંસ્થાએ મનુભાઈ પંચોળી ‘દર્શક’ના નામનો ઍવૉર્ડ ભૂતપૂર્વ વિદ્યાર્થીને આપવાનું નક્કી કર્યું ત્યારે પહેલો ઍવૉર્ડ મેળવનાર યુગલ હતું ગોદાવરીબહેન અને હીરજીભાઈ. મનુભાઈની હાજરીમાં તેમને આ ઍવૉર્ડ મળ્યો હતો. કથાકાર શ્રી મોરારિબાપુ તથા અત્યારના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે પણ તેમનું સન્માન થયું છે.

તેમનું પંચવટી ફાર્મ પ્રાકૃતિક અને સજીવ ખેતીનું સૌથી મોટું સરનામું છે. તેઓ ૭૮

**(અનુસંધાન ૨૮મા પાને)**

# ઓપન એઆઈનું નવું નજરાણું - સર્ચજીપીટી

દુનિયામાં નાનાં-મોટાં ૧૫૦ સર્ચએન્જિન છે, પરંતુ સર્ચએન્જિન ગૂગલના સ્થાનને કોઈ ચલિત કરી શક્યું નથી. સર્ચએન્જિનમાં ગૂગલની મૉનોપૉલી છે. કુલ વપરાશકારોમાંથી માત્ર ૧૦ ટકા વપરાશ કરનારાઓ અન્ય સર્ચએન્જિનનો ઉપયોગ કરે છે. ગૂગલ સર્ચએન્જિન માર્કેટનો ૯૦ ટકા જેવો હિસ્સો ધરાવે છે.

માઇક્રોસૉફ્ટના સર્ચએન્જિન બિંગ પાસે કુલ વપરાશકર્તામાંથી માત્ર ૩ ટકા જેટલો હિસ્સો છે અને એ બીજા ક્રમે છે. પહેલા અને બીજા નંબરનાં સર્ચએન્જિન વચ્ચે તફાવત સ્પષ્ટ દેખાય છે. કહેવા માટે તો માઇક્રોસૉફ્ટ બિંગ બીજા નંબરનું સર્ચએન્જિન છે, પરંતુ ગૂગલને ટક્કર આપી શકે એટલા વપરાશકર્તા એની પાસે નથી.

માઇક્રોસૉફ્ટ અને ગૂગલ વચ્ચે અત્યારે ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે. માઇક્રોસૉફ્ટ બ્રાન્ડ વૅલ્યૂની રીતે એમેઝોન અને ગૂગલ પછી ત્રીજા ક્રમની કંપની છે. ગૂગલ જેમ સર્ચ-એન્જિન, ઈમેઇલ, ગૂગલન્યૂઝ, એપસ્ટોર વગેરેમાં મૉનોપૉલી ધરાવે છે એમ માઇક્રોસૉફ્ટ સૉફ્ટવૅર અને ઑપરેટિંગ સિસ્ટમમાં મૉનોપૉલી ભોગવે છે. માઇક્રોસૉફ્ટની સ્થાપના ગૂગલની સ્થાપના કરતાં બે-અઢી દશકા પહેલાં થઈ હતી, પરંતુ ગૂગલે દોઢ દશકામાં પોતાનો દબદબો સ્થાપિત કરી દીધો છે અને ટૅક્નૉલૉજીનાં નવાં ક્ષેત્રોમાં ઊંચાઈ મેળવીને મૉનોપૉલી સિદ્ધ કરવાનો પુરુષાર્થ કરે છે. એવું જ એક ક્ષેત્ર એટલે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ.

એઆઈ ટૅક્નૉલૉજીમાં બંને કંપનીઓ પોતપોતાનું સ્થાન અવ્વલ કરવાની કવાયતમાં પડી છે. માઇક્રોસૉફ્ટે ઓપન એઆઈ કંપનીને ફંડ આપીને દુનિયાના પ્રથમ એઆઈ ચૅટબોટ ચૅટજીપીટીની શરૂઆત કરી. ૨૦૨૨માં ચૅટજીપીટી લૉન્ચ થયા પછી ગૂગલ સામે સૌથી મોટો પડકાર સર્જાયો હતો. સર્ચએન્જિનમાં ગૂગલની મૉનોપૉલી ચૅટજીપીટી તોડી નાખશે એવી ધારણા વ્યક્ત થવા માંડી હતી. એનાં કારણો પણ હતાં. ચૅટજીપીટીને કોઈ પણ સવાલ પૂછો કે થોડી સેકન્ડમાં એનો મૌલિક ઉત્તર મળતો હતો. એનો વપરાશ કરનારને એનું ભારે કુતૂહલ હતું. મૌલિક નિબંધથી લઈને કોડિંગ સુધી બધું જ ચૅટજીપીટીએ તરત હાજર કર્યું એટલે ગૂગલે જેમિની લૉન્ચ કરીને ચૅટબોટની સ્પર્ધામાં ઝંપલાવ્યું. એમ તો ગૂગલે બાર્ડ નામથી ચૅટબોટ લૉન્ચ કરીને ચૅટજીપીટીને ટક્કર આપવાની કોશિશ કરી હતી, પરંતુ બાર્ડને એવી સફળતા સાંપડી નહીં.

પણ ચૅટજીપીટી સામે વિશ્વસનીયતાના સવાલો સર્જાયા. ગૂગલે સર્ચએન્જિનમાં મૉનોપૉલી જાળવી રાખી છે એની પાછળનું સબળ કારણ સમજવા જેવું છે. ગૂગલ સર્ચએન્જિન સ્વયં કોઈ વિગતો, તારણો વપરાશકર્તાને આપતું નથી. જે સવાલ પુછાયો છે તેને લગતી વેબસાઇટ કે બીજા કોઈ પણ સૉર્સ સુધી લઈ જવાનું કામ કરે છે. વિશ્વસનીયતાનો મુદ્દો વપરાશકર્તા પર અને જે પરિણામ મળ્યું છે તેના સૉર્સ પર છોડી દે છે. ચૅટજીપીટી મૌલિક રીતે માહિતી આપવાના ધખરકામાં ઓપન સૉર્સ




માહિતીમાંથી પોતાની રીતે અર્થઘટન કરે છે અને એમાં ઘણી વખત ગરબડો સર્જાય છે. આવા માહોલમાં ચૅટજીપીટી નામના એઆઈ ચૅટબોટ માટે ગૂગલના સર્ચએન્જિનના સામ્રાજ્યનો સામનો કરવાનું સરળ ન હતું. ચૅટજીપીટીને બે વર્ષ થવા આવ્યાં છે, છતાં સર્ચએન્જિન ગૂગલનું સ્થાન તેણે મેળવ્યું નથી. એ દરમિયાન ગૂગલે એઆઈ ચૅટબોટ જેમિની લૉન્ચ કરીને સ્પષ્ટ કરી દીધું કે ચૅટજીપીટી સામે જેમિની ટક્કર આપશે. સર્ચએન્જિન ગૂગલ સામે એની સ્પર્ધા નથી.

પરિણામે માઇક્રોસૉફ્ટ ફંડેડ ઓપન એઆઈએ સર્ચએન્જિનના ક્ષેત્રમાં ઝંપલાવ્યું અને સર્ચજીપીટી લૉન્ચ કરીને નવેસરથી મોરચો માંડ્યો. આ સાથે જ ઓપન એઆઈ કંપનીએ ગૂગલ સામે એઆઈ ટૅક્નૉલૉજીમાં અવ્વલ રહેવાનો જાણે આખરી જંગ જાહેર કરી દીધો છે. સર્ચજીપીટીનું મર્યાદિત વપરાશકર્તા માટે ટેસ્ટિંગ ચાલી રહ્યું છે. ઓપન એઆઈને તેનાથી બહુ જ આશા છે. જીપીટી-૪ મૉડલના આધારે આ સર્ચએન્જિન બનાવાયું છે. જીપીટી-૪ એટલે ઓપન એઆઈએ લૅંગ્વેજ મૉડલ બનાવ્યું છે તેનું લેટેસ્ટ વર્ઝન.

સર્ચજીપીટી સર્ચએન્જિન તરીકે એઆઈની મદદથી વપરાશકર્તાને પરિણામ આપે છે. સર્ચજીપીટીમાં એક મોટું ટેક્સ્ટ બૉક્સ ઓપન થાય છે. એ વપરાશકર્તાને પૂછે છે - વોટ આર યૂ સર્ચિંગ ફોર? વપરાશકર્તા એમાં પોતાનો જવાબ લખે ને શું સર્ચ કરે છે એની વિગતો આપે ત્યારે એનું રિઝલ્ટ ગૂગલ જેવું નથી. માત્ર જુદી જુદી લિંક કે વેબસાઇટ, ફોટો, વીડિયો જ ઓપન થતાં નથી. ગૂગલથી એક કદમ આગળ રહીને લિંક આપવાની સાથે સાથે એ મોટા ટેક્સ્ટ બૉક્સમાં ટૂંકી સમરી પણ આપે છે. જે ઓપન સૉર્સમાંથી મૌલિક રીતે તૈયાર કરે છે. આ સર્ચએન્જિન અલગ એ રીતેય છે કે તેને સામાન્ય વાતચીતના મૉડલ આધારે બનાવાયું છે. કાઉન્ટર સવાલ પૂછવાના વિકલ્પો પણ છે. એક રીતે આ સર્ચએન્જિન ચૅટજીપીટી અને ગૂગલ જે કામ કરે છે એ કામ સંયુક્ત રીતે કરે છે. ગૂગલ સર્ચનાં રિઝલ્ટ્સ આપે છે. ચૅટજીપીટી રિઝલ્ટમાં સમરી આપે છે. સર્ચજીપીટી આ બંને કામ કરે છે.

અત્યારે ઓપન એઆઈ કંપનીની વેબસાઇટમાં વપરાશકર્તા વેઇટિંગ લિસ્ટ જૉઇન કરી શકે છે. તમામ વપરાશકર્તા માટે એવી સુવિધા છે. એમાંથી કંપની ધારશે એટલા વપરાશકર્તાને તબક્કાવાર સર્ચજીપીટીનો એક્સેસ આપશે. લૉન્ચ થતાંની સાથે જ કરોડો વપરાશકર્તા ઉત્સુકતાથી દોરવાઈને સર્ચજીપીટીના વેઇટિંગ લિસ્ટને જૉઇન કરી રહ્યા છે. સર્ચજીપીટીનો વ્યૂહ એવો છે કે ઉત્સુકતાથી દોરવાઈને આવતા વપરાશકર્તાને કાયમી વપરાશ કરનારા બનાવવા માટે આકર્ષિત કરવા. છેલ્લાં ૨૬ વર્ષમાં અનેક સર્ચએન્જિન આ રીતે નવી નવી ટૅક્નૉલૉજી લઈને આવ્યું, ઉત્સુક વપરાશકર્તા તેમને શરૂઆતમાં મળ્યા, પરંતુ એ માત્ર કુતૂહલથી શું નવું છે એ જોવા-જાણવા આવે છે. પછી નિયમિત ધોરણે ગૂગલ સર્ચએન્જિનના જ કમિટેડ વપરાશકર્તા બન્યા રહે છે. ઓપન એઆઈએ સર્ચજીપીટીના માધ્યમથી ગૂગલના વપરાશકર્તામાંથી ભાગ પડાવવાનું મિશન આદરી દીધું છે.

સર્ચજીપીટી લૉન્ચ થયું તે સાથે જ ગૂગલના શૅરમાં કડાકો પણ બોલ્યો હતો. ઘણા રોકાણકારોએ ગૂગલમાંથી રોકાણ પાછું ખેંચી લીધું હતું. ગૂગલ એટલે કે આલ્ફાબેટ કંપનીના બધા જ શૅરોમાં ત્રણેક ટકાનો કડાકો બોલ્યો હતો. ચૅટજીપીટીના લૉન્ચ થયા પછી ગૂગલ સર્ચએન્જિનની મૉનોપૉલીને ઘણો મોટો પડકાર મળ્યો નથી એ સત્ય છે, છતાં આંકડાનું માનીએ તો ગૂગલ સર્ચએન્જિનનો ૨૦૨૨માં સર્ચએન્જિનના ગ્લોબલ માર્કેટમાં ૯૨ ટકા હિસ્સો હતો એમાં નજીવો દોઢેક ટકાનો ઘટાડો થયો છે. માઇક્રોસૉફ્ટના સર્ચએન્જિન બિંગમાં ચૅટજીપીટી ટૂલ ઉમેરાવાના કારણે એના વપરાશકારોમાં પોણો ટકો વધારો પણ થયો છે. ભલે આ ફાયદો એટલો બધો મોટો નથી, પણ બિંગના વપરાશકર્તા વધ્યા છે તે સંકેતને ગૂગલે ગંભીરતાથી લઈને એઆઈની ટૅક્નૉલૉજી વધારે બહેતર બનાવીને માઇક્રોસૉફ્ટને ટક્કર આપવાના પ્રયાસો શરૂ કર્યા છે.

આ બંને જાયન્ટ ટૅક્-કંપનીની સ્પર્ધા દુનિયાને એઆઈના ખપ્પરમાં હોમશે કે પછી બહેતર સર્વિસ માટે એઆઈ ડેવલપ થશે એના પર દુનિયાના ભવિષ્યનો આધાર રહેશે.

**– હર્ષ મેસવાણિયા**

---

**(૨૫મા પાનાનું ચાલુ)**

વર્ષના થયા છે પણ સહેજે થાકતા નથી. આજે પણ સતત કામ કરતા રહે છે. નવું નવું શીખતા રહે છે અને અમલમાં પણ મૂકતા રહે છે.

‘લોકભારતી’ આ નામ કવિવર ઉમાશંકર જોશીએ આપેલું. નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી અને બીજા અનેક શિક્ષણકારોએ સણોસરાની ભૂમિ પર લોકભારતીની રચના કરી. કૃષિ અને કેળવણીનો એવો સમન્વય કર્યો કે જે સમાજને સ્વસ્થ બનાવવામાં સફળ થયો. આવી વિદ્યાભૂમિ અને તપોભૂમિમાં તૈયાર થયેલા હીરજીભાઈએ કૃષિની પ્રતિષ્ઠા વધારી છે. ઝાડનાં પારખાં ફળ પરથી થતાં હોય છે. આ માત્ર લોકભારતીનું નહીં, પરંતુ સમગ્ર ભારતવર્ષનું એક એવું ફળ છે જેણે ભારતની સાચી ઓળખ અને પ્રતિષ્ઠા એવી કૃષિનું જતન અને સંવર્ધન કર્યું.

**– રમેશ તન્ના**

# ગાંધીપેઢીનાં નોંધપાત્ર વારસદાર : જિજ્ઞાબહેન દવે



જિજ્ઞાબહેન દવે

ગાંધીયુગમાં વ્યક્તિગત સુખનો હોમ કરીને સમાજ અને રાષ્ટ્ર માટે જીવતર અર્પણ કરવાની જાણે કે હોડ લાગી હતી. ૧૯૭૫ પછી એ પ્રમાણ ઘટ્યું, પરંતુ એ પરંપરાને જીવંત રાખનાર બહેનો-ભાઈઓ પોતાની સઘળી સજ્જતા, સમજ અને કાર્યશક્તિ સમાજ માટે અર્પણ કરવામાં ધન્યતા અનુભવે છે તેમાં જિજ્ઞાબહેન દવે અનેક રીતે અગ્રણી છે.

જિજ્ઞાબહેન ભાસ્કરભાઈ દવે(જ. ૧-૧૨-૧૯૭૪)એ બી.એસસી. અને એમ.એલટી. સુધીનો અભ્યાસ કર્યો છે. પોતાની પૅથૉલૉજી લૅબોરેટરી ૧૯૯૬થી ૨૦૦૫ સુધી ચલાવી, પણ જીવ સેવાનો. બીજાનાં દુ:ખો કે અભાવ જોઈને એમનો આત્મા કકળી ઊઠે. જિજ્ઞાબહેન કેવળ સહાનુભૂતિ વ્યક્ત કરીને ન અટક્યાં. એ માટે સક્રિય થયાં. તેથી ઘર, કમાણી, પોતાના સંસારને બદલે સંસ્થા સ્વરૂપે જાતને યોજવાનો સંકલ્પ દૃઢ થયો અને તેમણે યોગાંજલિ કેળવણી મંડળના આશ્રમને ઘર બનાવ્યું. ૨૫ વર્ષની વયે કાયમ માટે ઘર છોડ્યું. ૩૦મે વર્ષે લૅબોરેટરીનો વ્યવસાય સંકેલી લઈ પૂરો સમય શિક્ષણ, આરોગ્ય, મહિલાઉત્કર્ષ, ખેતી અને તકવંચિતો માટે આપવાનું નક્કી કર્યું.

જિજ્ઞાબહેનને યોગાંજલિ આશ્રમનાં કેળવણીમંડળનાં મંત્રી તરીકે રમીલાબહેન ગાંધીએ ૧૯૯૯માં કાર્યભાર સોંપ્યો. મૂળે શિક્ષક નહિ, પણ જિજ્ઞાબહેનનાં વિચારો અને વલણો ઉત્તમ શિક્ષકનાં, એથી તેમણે યોગાંજલિ વિદ્યાવિહારનો કાર્યભાર તક ગણીને સ્વીકાર્યો. ગ્રામમજૂરોનાં બાળકો, આદિવાસીનાં બાળકો, વિચરતી જાતિનાં બાળકો અને અનાથ બાળકો માટે બાળમંદિરથી બાર ધોરણ સુધીના ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં ગાંધીજીની નઈ તાલીમ આધારિત કેળવણીરચના મૂર્ત કરવા માટે પોતાની સર્વ શક્તિઓ પ્રયોજી. આજે પાટણ વિસ્તારના શિક્ષણમાં તેઓ સંકલનસૂત્ર છે. વર્ગખંડ સાથે રમતગમત, કલાકૌશલ અને જીવનોપયોગી કેળવણી માટે છાત્રાલય દ્વારા સંસ્કારઘડતરનું પાયાનું કામ શરૂ કર્યું. એ વિસ્તારમાં પાંચ દાયકા પહેલાં કન્યાકેળવણીનું પ્રમાણ પાંચ ટકા હતું તે આજે યોગાંજલિના પ્રયાસોથી કન્યાઓ વ્યાપક રીતે શિક્ષણ મેળવતી થઈ છે. આ શાળા દ્વારા અત્યાર સુધીમાં દસ હજારથી વધુ બાળકોએ શિક્ષણ મેળવ્યું છે. તેમાંથી ડૉક્ટર, એન્જિનિયર, શિક્ષકો, પોલીસ, આર્મીમૅન, નર્સ તથા સરકારી હોદ્દાઓ ઉપર કાર્ય કરી રહ્યાં છે. હાલ શાળામાં ૭૫૦ બાળકો અભ્યાસ કરી રહ્યાં છે.

જીવનઘડતર માટે સમૂહજીવનની તાલીમ એ પાયો છે. છાત્રાલયમાં ૮૨ બાળકો નિ:શુલ્ક નિવાસ, ભોજન અને અભ્યાસની સુવિધા મેળવે છે. અત્યાર સુધીમાં ૬૦૦૦થી વધુ બાળકોએ છાત્રાલયમાં રહીને શિક્ષણ મેળવ્યું છે. જિજ્ઞાબહેનનો ભાર અનેક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોનાં ઉત્સાહ, ઊર્જા અને આત્મવિશ્વાસ વધે એના પર રહ્યો છે. સાથે જ કારકિર્દી માર્ગદર્શન, કમ્પ્યૂટર તાલીમ, કલાકેન્દ્ર, વિદ્યાર્થી સહાય યોજના, સ્પૉર્ટ્સ એકેડેમી, કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર અને સંસ્કારકેન્દ્ર દ્વારા અનેકવિધ પ્રયત્નો થઈ રહ્યા છે. જરૂરિયાતમંદ બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય પણ કરવામાં આવે છે.

જેમનું ધ્યાન સમાજના સર્વાંગી વિકાસનું હોય તેઓ એક પ્રવૃત્તિમાં બંધાયેલા રહી ન શકે. સમાજના પ્રશ્નોને જિજ્ઞાબહેને પોતાના ગણ્યા તેથી તેના ઉકેલ માટે તેઓ સતત મથામણ કરી રહ્યાં છે. મોટી જરૂરિયાત સ્વરોજગારીની હોય છે. તે માટે ભાઈઓ માટે વાયરમૅન, પ્લમ્બિંગ અને બહેનો માટે બ્યૂટીપાર્લર અને ફૅશન ડિઝાઇનના વર્ગો ચલાવવામાં આવે છે.

બાળમજૂરીમાં શિક્ષણ છોડીને ધકેલાઈ જવાનો પ્રશ્ન આપણે ત્યાં વ્યાપક છે. જિજ્ઞાબહેને ૧,૧૦૭ બાળકોને પુનઃ શાળામાં દાખલ કરાવ્યાં છે. નબળી આર્થિક સ્થિતિના પરિવારનાં બાળકોને પોષણક્ષમ ખોરાક મળતો નથી. તેના ઉપાય રૂપે શારીરિક-માનસિક વિકાસ માટે દાતાઓના સહયોગથી યોગાંજલિ દ્વારા રોજ ૭૫૦ બાળકોને પૌષ્ટિક નાસ્તો 'નૈવેદ્યમ' યોજના નીચે અપાય છે.

સ્વરાજનાં ૭૭ વર્ષ પછીય હજુ બહેનોના પ્રશ્નો ગંભીર રહ્યા છે. ઘરેલુ હિંસા કે તેમના બીજા પ્રશ્નોની નોંધ પણ નથી લેવાતી. જિજ્ઞાબહેનની સંવેદનશીલતા તેમને એ તરફ દોરી ગઈ. 'સહિયર' યોજના નીચે દહેજ, આર્થિક શોષણ, ભેદભાવ, અત્યાચારનો ભોગ બનેલી બહેનોને ન્યાય મળે એ માટે યોગાંજલિએ વિનામૂલ્યે કાનૂની સલાહકેન્દ્ર શરૂ કર્યું છે. છ હજારથી વધુ બહેનોને કૌટુંબિક પ્રશ્નોનું સુખદ નિરાકરણ મળ્યું છે. કુલ ૫૪,૬૫૦ બહેનોમાં જાગૃતિનું કામ થયું છે. 'સક્ષમ' યોજના અંતર્ગત બહેનો પગભર થાય એ માટે સીવણ, લેધર-રેક્ઝીન બનાવટો, ઊની ગાલીચા વણાટ, ભરતકામ, અગરબત્તી-મીણબત્તી તથા હાથબનાવટના મસાલાની તાલીમ માટે ૪૧૦ વર્ગો ચલાવવામાં આવ્યા છે અને ૩૮,૬૧૦ બહેનોને તાલીમ મળી છે. મહિલાઓ માટે રોજગાર તાલીમ, રોજગારલક્ષી સાધનસહાય, સરકારી યોજનાના લાભની જાણકારી, આરોગ્યપ્રવૃત્તિ, મહિલા અધિકાર જાગૃતિ, ઘરેલુ હિંસા વિરોધી અભિયાન, માતૃઘર જેવા ઉપક્રમો સક્રિય છે.

ટકાઉ ખેતી એ ગ્રામસમાજનો મોટો પ્રશ્ન છે. ખેતીમાં ખર્ચ ઘટે અને વીસ ટકા જેટલું વળતર વધે એ માટે પાટણ જિલ્લાનાં ૧૨૮ ગામના દસ હજાર ભાઈઓ અને બે હજાર મહિલાખેડૂતોને ખેતીસુધારણાનું માર્ગદર્શન અપાયું છે. ઉપરાંત જરૂરિયાતમંદ ૧૪૦ પરિવારોને દર મહિને એક હજાર રૂપિયાની અનાજની કિટ આપવામાં આવે છે. વિકલાંગોને સાધનસહાય આપવામાં આવે છે. જ્યોતિ હૉસ્પિટલ, વિસનગરના

સહયોગથી મોતિયાના ૩૩ કૅમ્પો યોજીને ૩,૬૭૩ દર્દીઓની આંખની તપાસ થઈ છે. ૮૪૭ દર્દીનાં નિઃશુલ્ક ઑપરેશન થયાં છે.

રાહત અને પુનર્વસન કાર્યોમાં જિજ્ઞાબહેન સતત ભાગીદાર થયાં છે. કચ્છ ભૂકંપ (જેનાં ૧૦૦ બાળકોને યોગાંજલિમાં લાવીને અભ્યાસ કરાવ્યો,) કાશ્મીર ભૂકંપ, સૂરતનું પૂર, બિહારનું કોશી નદીનું પૂર, કોરોનામાં માસ્ક ઉત્પાદન અને વિતરણ વગેરે નોંધપાત્ર છે. યોગાંજલિમાં સ્થાપિત શ્રી અરવિંદ યોગકેન્દ્રમાં (સુંદર ધ્યાનખંડમાં) ધ્યાનશિબિર યોજાય છે. કાર્યકર્તાઓ તેમાં પ્રાર્થના અને ધ્યાન કરે છે.

આવું મહત્ત્વનું અને વ્યાપક કાર્ય કરનાર જિજ્ઞાબહેન દવેનું સામાજિક ગૌરવ થાય તે સહજ છે. તેમાં નૅશનલ ચિલ્ડ્રન કૉંગ્રેસ (૨૦૦૮), મહાત્મા ગાંધી લેબર ઇન્સ્ટિટ્યૂટ (૨૦૧૧), રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ (૨૦૧૪), ગોકુલ ફાઉન્ડેશન, સિદ્ધપુર (૨૦૧૭), ભારત વિકાસ પરિષદ (૨૦૧૯), અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ (૨૦૧૯), ટાઇમ્સ ઑફ ઇન્ડિયા (૨૦૨૨), કાશીબા ચૅરિટેબલ ટ્રસ્ટ, સૂરત (૨૦૨૩), ધરતીરત્ન ઍવૉર્ડ (૨૦૨૩) વગેરે નોંધપાત્ર પુરસ્કારો છે.

ઉદ્યમી, સમર્પિત અને ગાંધીયુગની સામાજિક કર્તૃત્વની પરંપરાને આગળ ધપાવનારાં શ્રી જિજ્ઞાબહેન દવેની ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી મનસુખભાઈ જે. મેદાણી સમાજ-ઉત્કર્ષ ઍવૉર્ડ માટે પસંદગી થઈ છે એ ખૂબ આવકાર્ય નિર્ણય છે.

**- મનસુખ સલ્લા**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

**બૅંકની વિગત**

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# શરણાર્થીઓ અને ઑલિમ્પિક



સિન્ડી નગામ્બા

શરણાર્થીઓ (Refugee) શબ્દ કાને પડતાં જ મિશ્ર સંવેદનાઓ વિશ્વભરમાં ઊભરે છે. એક બાજુ વતન છોડીને લાચાર અને દયનીય હાલતમાં અન્ય દેશમાં શરણ શોધતાં સેંકડો ટોળાં પ્રત્યે અનુકંપા જાગે છે તો બીજી બાજુ શરણાર્થીઓને સ્વીકારવાથી ઊભી થતી વિકટ પરિસ્થિતિને કારણે મોટા ભાગના દેશો આવો આશ્રય આપતાં અચકાય છે.

પરંતુ હકીકત એ છે કે દુનિયામાં આજે કુલ મળીને લગભગ ૧૨ કરોડ માનવ શરણાર્થી બનીને વિવિધ દેશોમાં જીવન ગુજારી રહ્યા છે. આ મોટી વસ્તીનું જીવન કંઈક અંશે વધુ સહ્ય બને એવા પ્રયત્નો પણ માનવતાના ધોરણે સમાંતરપણે થતા રહ્યા છે. આવા જ એક પ્રયત્નની વાત અહીં કરવી છે, જે હાલમાં ચાલી રહેલી ઑલિમ્પિક રમતો સાથે સંબંધ ધરાવે છે.

૨૦૧૫માં જ્યારે દુનિયા શરણાર્થીઓની કટોકટીથી ખળભળી ઊઠી હતી, (દરિયા-કિનારે તણાઈ આવેલા એક શરણાર્થી બાળકની લાશનું અત્યંત કરુણાજનક દૃશ્ય ઘણાંને યાદ હશે) ત્યારે ઇન્ટરનેશનલ ઑલિમ્પિક કમિટી (IOC), ૨૦૧૬માં બ્રાઝિલમાં યોજાનારી ઑલિમ્પિક રમતોનાં આયોજનમાં વ્યસ્ત હતી.

આ માહોલમાં કમિટીના સભ્યોને દુનિયાભરમાં ઠેકઠેકાણે પથરાયેલા શરણાર્થી યુવાનોને પણ આ મહાન રમતોત્સવમાં સામેલ કરવાનો વિચાર આવ્યો. પણ આ તો શરણાર્થીઓ ! એ કોઈ દેશનું પ્રતિનિધિત્વ કેવી રીતે કરી શકે ? કોણ એમને માર્ગદર્શન આપે, જે તે રમતનું પ્રશિક્ષણ પૂરું પાડે અને એમને ઑલિમ્પિક સુધી પહોંચાડે ? પણ ઑલિમ્પિક કમિટીએ એના તત્કાલીન પ્રમુખ થોમસ બેક(Thomas Bach)ની રાહબરી નીચે આ ભગીરથ કામ હાથમાં લીધું અને ત્યારે ચાલી રહેલી યુનાઇટેડ નૅશન્સ(UNO)ની જનરલ ઍસેમ્બ્લીની મિટિંગમાં એક શરણાર્થી ઑલિમ્પિક ટીમ(Refugee Olympic Team)ની રચનાની જાહેરાત કરી. કેવળ શરણાર્થીઓની બનેલી આ ટીમે પહેલી વાર ૨૦૧૬ની રિયો,(બ્રાઝિલ) ઑલિમ્પિક રમતમાં ભાગ લીધો, જેમાં સીરિયા, દક્ષિણ સુદાન, ઇથિયોપિયા અને ડેમૉક્રેટિક રિપબ્લિક ઑફ કોંગોના દસ રમતવીરો (Athletes) યજમાન દેશ બ્રાઝિલમાં ઑલિમ્પિકના ધ્વજ સાથે ઉદ્‌ઘાટન સમારોહની કૂચમાં જોડાયા. પ્રથમ વાર શરણાર્થી ઑલિમ્પિક ટીમ પોતાના અલાયદા ચિહ્ન (Emblem) સાથે સ્પર્ધક બની.

ટીમનું આ ચિહ્ન એક હૃદયની આકૃતિ ધરાવે છે, જેની ચારે બાજુ રંગીન તીરની ડિઝાઇન છે. આ ચિહ્ન લગભગ ૧૨ કરોડ શરણાર્થીઓની ઓળખ અને એકાત્મકતાનું પ્રતીક બન્યું છે.

પણ શરણાર્થી ઑલિમ્પિક ટીમનું આ વિકટ કામ પાર પડ્યું કેવી રીતે ? વિગત કંઈક આ પ્રમાણે છે. ટીમ માટેની નાણાકીય વ્યવસ્થા ઑલિમ્પિક સૉલિડારિટી ઈનિશિયેટિવ (Olympic solidarity initiative) નામની સહાયક સંસ્થા કરે છે. આ સંસ્થા દુનિયાભરના દેશોની રાષ્ટ્રીય ઑલિમ્પિક સમિતિઓને નાણાકીય સહાય આપે છે. આ રાષ્ટ્રીય ઑલિમ્પિક સમિતિઓ પોતપોતાના દેશમાં વસતા સક્ષમ યુવા શરણાર્થીઓની ઓળખ કરે છે, તેમને રમતવીર બનવા પ્રેરે છે અને તેમની પ્રાથમિક તૈયારીથી માંડીને શિક્ષણ અને સ્પર્ધા સુધીની જવાબદારી સંભાળે છે. આ આખો પ્રકલ્પ ઑલિમ્પિક રેફ્યૂજી ફાઉન્ડેશન(Olympic Refugee foundation)ના વ્યવસ્થાપન નીચે જે તે રાષ્ટ્રીય ઑલિમ્પિક સમિતિના સહયોગમાં હાથ ધરાય છે.

પૅરિસમાં ૨૦૨૪માં રમાયેલી ઑલિમ્પિક રમતોમાં આ શરણાર્થી ટીમે લગભગ બાર કરોડ શરણાર્થીઓનું પ્રતિનિધિત્વ કર્યું. રમતવીરોનું ચયન એમની રમતની સ્થાનિક સિદ્ધિઓ પર આધારિત હતું અને એમના શરણાર્થી સ્ટેટ્સની અધિકૃતતા યુનાઈટેડ નૅશન્સ હાઈકમિશનર ઑફ રેફ્યૂજીઝ (UNHCR) દ્વારા આપવામાં આવી હતી. આ એજન્સીની વ્યાખ્યા પ્રમાણે શરણાર્થી એ વ્યક્તિ છે જેને જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા કે કોઈ ખાસ સમૂહ કે રાજકીય વિચારધારા પર આધારિત દમનના ભયને કારણે પોતાનો દેશ છોડવો પડે છે અને પછી જે સ્વદેશ પાછી ફરી શકતી નથી.

આ વખતની ઑલિમ્પિક રમતોમાં ૩૭ શરણાર્થી રમતવીરોએ ભાગ લીધો, જેઓ ઑસ્ટ્રેલિયા, કૅનેડા, ફ્રાન્સ, જર્મની, ઇંગ્લૅન્ડ, ઇઝરાયલ, ઇટાલી, જોર્ડન, કેન્યા, મેક્સિકો, નેધરલૅન્ડ્સ, સ્પેન, સ્વીડન, સ્વિટ્ઝર્લૅન્ડ અને યુએસએ જેવા દેશોમાંથી આવ્યા હતા. તેઓ ઍથ્લેટિક્સ, બૅડમિન્ટન, કેનોઈંગ, સાઇક્લિંગ અને કુસ્તી જેવી રમતોમાં સ્પર્ધકો બન્યા. ૨૦૨૦ની ટોકિયો ઑલિમ્પિકમાં આ સંખ્યા ૨૯ની હતી.

સૌના હૃદયને આનંદથી ભરી દેનાર એક ક્ષણ તો ત્યારે આવી જ્યારે આ સ્પર્ધકોમાંની એક, સિન્ડી નગામ્બા(Cindy Ngamba)એ પાંચ ઑગસ્ટ, ૨૦૨૪ ના રોજ પહેલી ઑલિમ્પિક ચંદ્રક વિજેતા શરણાર્થી મહિલા બનીને ઇતિહાસ રચ્યો અને દુનિયાભરના શરણાર્થીઓને એક આશાનો સંદેશ આપ્યો. ૭૫ kg બૉક્સિંગ સ્પર્ધામાં તેણીએ ફ્રાન્સની ડેવીના મિશેલને પરાજિત કરીને કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો. આ વખતની ઑલિમ્પિકની એક યાદગાર ઘટના બની રહી. પોતાની જીત પછી નગામ્બાએ ગૌરવભેર શરણાર્થી ટીમના એ ૩૭ સભ્યોનાં નામ એક બોર્ડ પર લહેરાવ્યાં, જે વિશ્વભરમાં વેરાયેલા શરણાર્થીઓનું પ્રતિનિધિત્વ કરતા હતા.

આજના વિશ્વમાં ચોમેર દેખાતી હિંસા અને નફરતની વચ્ચે માનવતા, ભાઈચારો અને ખેલદિલીનો સંદેશ લઈને આવતી 'ઑલિમ્પિક શરણાર્થી ટીમ' જેવી એક અનોખી પહેલ સમગ્ર માનવજાત માટે આશાનું કિરણ બની રહે છે.

**- નિરંજન શાહ**

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

◈ **૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : વિદ્રોહી ગુજરાતણોની વ્યથા-કથા

વક્તા : ફાલ્ગુની પરીખ

### ( ઑફલાઇન કાર્યક્રમો )

◈ **૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : દિગ્દર્શક ગુરુ દત્તની ફિલ્મકલા

વક્તા : અભિજિત વ્યાસ

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪, ગુરુવાર : સાંજના ૫-૦૦**

વિષય : કાવ્યાસ્વાદ

વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

◈ **૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૪, ગુરુવાર : સાંજના ૫-૦૦**

વિષય : ટૂંકી વાર્તાનો આસ્વાદ

વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

## શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ

◈ **૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**

સજીવ ખેતી, બાગાયત અને ગોપાલનના ક્ષેત્રે નવા આયામો સર્જનાર શ્રી હીરજીભાઈ ભીંગરાડિયા અને શ્રીમતી ગોદાવરીબહેન ભીંગરાડિયાને ઍવૉર્ડ એનાયત થશે.

## વિદુષી શ્રી દક્ષાબહેન પટ્ટણી સ્મૃતિ-વ્યાખ્યાન

◈ **૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : દક્ષાબહેન પટ્ટણીનું ગાંધીચિંતન

વક્તા : શ્રી પ્રકાશ ન. શાહ

## શ્રી મનસુખભાઈ જે. મેદાણીપ્રેરિત સમાજ-ઉત્કર્ષ એવોર્ડ

◈ **૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**

શિક્ષણ, આરોગ્ય અને મહિલા ઉત્કર્ષ માટે જીવન સમર્પિત કરનાર જિજ્ઞાબહેન દવેને આ ઍવૉર્ડ એનાયત થશે.




કવિ નર્મદ સાહિત્યપ્રતિભા ઍવૉર્ડ સ્વીકારતાં
શ્રી વર્ષાબહેન અડાલજા



'મારી નવલકથાનું
કથાબીજ' વિશે
વર્ષાબહેન અડાલજા




શ્રી કાલિન્દી પરીખલિખિત
'ભારતીય નારીસંતોનું કાવ્યાકાશ'
ગ્રંથનું વિમોચન કરતા દલપત પઢિયાર



'વાલ્મીકિ રામાયણ'
વિશે ડૉ. વિજય પંડ્યા



'હાસ્ય : ધ્યાનનું પ્રવેશદ્વાર' વિશે
શાહબુદ્દીન રાઠોડ

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

## માતૃભાષા ગુજરાતી : ઑનલાઇન પ્રસ્તુતિ

### ગુજરાતી વિશ્વકોશ

◈ હવે ઑનલાઈન ઉપલબ્ધ થયો છે ૨૬ ખંડોમાં ૨૬,૦૦૦ પૃષ્ઠમાં ૧૭૦ વિષયોનાં ૨૪,૦૦૦થી વધુ અધિકરણો ધરાવતો ‘ગુજરાતી વિશ્વકોશ’ ◈ છેલ્લા ૨૮ દિવસમાં ૨ લાખ ૯૦ હજાર જેટલા લોકોએ એનો ઉપયોગ કર્યો છે. ◈ ભારત, અમેરિકા, ફ્રાન્સ, ઈંગ્લૅન્ડ, સિંગાપોર, જર્મની, ઑસ્ટ્રેલિયા, કૅનેડા, યુ.એ.ઈ., ન્યૂઝીલૅન્ડ, કુવૈત અને જાપાન વગેરે દેશના લોકોએ વિશ્વકોશમાંથી વિગતો મેળવી છે. ◈ ઑનલાઈન ‘ગુજરાતી વિશ્વકોશ’ જોવા માટે https://gujarativishwakosh.org

### ગુજરાતી લૅક્સિકન

◈ રોજ અંદાજિત છ હજારથી વધુ લોકો આ વેબસાઈટની મુલાકાત લે છે. ◈ અત્યાર સુધીમાં પાંચ કરોડ તેર લાખથી વધુ લોકોએ આની મુલાકાત લીધી છે. ◈ ભારત, અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, આરબ દેશો, જર્મની, નેધરલૅન્ડ, સિંગાપોર, ન્યૂઝીલૅન્ડ, ચાઇના, કતાર, કેન્યા, નૉર્વે, ફ્રાંસ, નેધરલૅન્ડ, બ્રાઝિલ, સાઉદી અરબ, આયર્લૅન્ડ જેવા વિવિધ દેશોએ આ સાઈટની મુલાકાત લીધી છે. ◈ ‘ગુજરાતી લૅક્સિકન’ જોવા માટે www.gujaratilexicon.com

### વિશ્વકોશ : ઈ-બુક્સ

◈ વિશ્વકોશના મહત્ત્વના ૩૫ ગ્રંથો ઈ-બુક્સ તરીકે ઉપલબ્ધ થશે. ◈ ગૂગલમાં અંગ્રેજીમાં gujarativishwakosh.org/ebooks ટાઈપ કરીને ઈ-બુક્સ ઉપર ક્લિક કરશો. ◈ આ ઈ-બુક્સ વાંચવા માટે આપના કમ્પ્યૂટર કે મોબાઇલમાં e-pub reader / ebook reader આવશ્યક છે.

### ‘વિશ્વવિહાર’ સામયિક

◈ દર મહિને પ્રકાશિત થતું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું વિશ્વની ગતિવિધિ આલેખતું સામયિક ‘વિશ્વવિહાર’ના પ્રત્યેક મૂલ્યવાન લેખો ક્રમશઃ યૂટ્યૂબ પર સાંભળી શકાશે.

### જ્ઞાન-વિજ્ઞાનવિષયક પ્રવચનો

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં યોજાતાં દરેક પ્રવચન યૂટ્યૂબ પર પ્રાપ્ત થશે. કેટલાંક પ્રવચનો ફેસબુક પર લાઈવ કરવામાં આવે છે.

### બાળવાર્તાની પ્રસ્તુતિ

◈ દર રવિવારે સવારે ૧૦-૩૦ વાગ્યે બાળકોને ગમી જાય તેવી વાર્તા અને બાળગીતની પ્રસ્તુતિ

આ બધા કાર્યક્રમો તમે અમારા યૂટ્યૂબ : (Gujarat Vishvakosh Trust) ફેસબુક એકાઉન્ટ : (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ) વૉટ્સએપમાં જોડાવા માટે (મો. ૯૮૯૮૦૪૨૬૯૯)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪